**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==================================================

**અમદાવાદ ખાતે ગુજરાત ઉચ્ચ ન્યાયાલય**

**આર/સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૨૮૫૨/૨૦૧૮**

**મંજૂરી અને સહી માટે :**

**માનનીય ન્યાયમૂર્તિ શ્રી જે. બી. પારડીવાલા**

==================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક સમાચારપત્રોના પત્રકારોને ચુકાદો જોવાની મંજૂરી આપવામાં આવી છે? | હા. |
| ૨ | ચુકાદો પત્રકારને સંદર્ભિર કરવો કે નહીં? | હા. |
| ૩ | શું ન્યાયમૂર્તિઓ ચુકાદાની આખરી નકલ જોવા ઇચ્છે છે? | ના. |
| ૪ | શું આ કેસમાં ભારતના બંધારણ અથવા તેનાં હેઠળ કરવામાં આવેલા કોઈ હુકમના અર્થઘટન અંગેનો કોઇ મહત્વપૂર્ણ કાયદાકીય પ્રશ્ન સમાવિષ્ટ છે? | ના. |
| | | |

================================================================

ચંદુભાઈ આઇ પટેલ

વિરુદ્ધ

ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર

================================================================

ઉપસ્થિતિ

અરજદાર(રો) નં. ૧ તરફે શ્રી મેહુલશરદ શાહ (૭૭૩)

સામાવાળા(ઓ) નં. ૨ તરફે શ્રી અમર એન. ભટ્ટ (૧૬૦)

સામાવાળા(ઓ) નં. ૧ તરફે શ્રી દક્ષેશ મહેતા (૨૪૩૦)

સામાવાળા(ઓ) નં. ૧ તરફે શ્રી રુશાંગ ડી. મહેતા (૬૯૮૯)

================================================================

કોરમઃ **માનનીય ન્યાયમૂર્તિ શ્રી જે. બી. પારડીવાલા**

**તારીખઃ૨૦/૧૨/૨૦૧૮**

**મૌખિક ચુકાદો**

૧. ભારતના બંધારણની કલમ ૨૨૬ હેઠળની આ રિટ અરજી દ્વારા, રિટ અરજદારે નીચે મુજબની દાદ માટે અરજ કરેલ છે;

*"(એ) અહીં સામાવાળા નં. ૧ દ્વારા પસાર કરવામાં આવેલ તારીખ ૧૬/૦૮/૨૦૧૮ ના હુકમને કાયદેસર અમાન્ય ઠેરવી રદ કરતો મેન્ડામસ રિટ અથવા અન્ય કોઈ યોગ્ય રિટ, હુકમ અથવા નિર્દેશ જારી કરવો અને ઠેરવવા તેમજ જાહેર કરવા મહેરબાની કરશો કે બેંકના સીઈઓને બેંકના ચૂંટાયેલા ડિરેક્ટર તરીકે અરજદારને દૂર કરવાની અથવા કામ કરતા રોકવાની કોઈ સત્તા નથી.*

*(બી) ડિરેક્ટર સાથે સંબંધિત ખાતાઓના કથિત ઉલ્લંઘન બદલ અરજદારના સંબંધમાં સામાવાળા નં. ૧ બેંકને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલ નિર્દેશને કાયદેસર અમાન્ય ઠેરવી રદ કરતો મેન્ડામસ રિટ અથવા અન્ય કોઈ યોગ્ય રિટ, હુકમ અથવા નિર્દેશ જારી કરવો.*

*(સી) આ અરજીની દાખલ મંજૂરી, સુનાવણી અને આખરી નિકાલ પેન્ડિંગ હોય તે દરમિયાન, નામદાર કોર્ટે સામાવાળા નં. ૧ બેંકના ચૂંટાયેલા ડિરેક્ટર એવા અરજદાર વિરુદ્ધ કોઈ સખત પગલાં ન લેવા અને બેંકના ડિરેક્ટર તરીકે કામગીરી કરતા રોકવા નહીં તેવો સામાવાળાને નિર્દેશ આપવા મહેરબાની કરશો.*

*(ડી) કેસના સંજોગોમાં ન્યાયોચિત અને જરૂરી જણાય તેવા અન્ય અને વિશેષ હુકમ/હુકમો પસાર કરવા."*

૨. આ રિટ અરજી તરફ દોરી જતી આ કેસની હકિકતો કોઓર્ડિનેટ બેન્ચ દ્વારા તારીખ ૨૧ ઓગસ્ટ, ૨૦૧૮ ના રોજ પસાર કરવામાં આવેલ હુકમમાંથી એકત્રિત કરી શકાય છે, જે આ મુજબ વંચાય છે;

"૧. આ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (સી.ઈ.ઓ.) સામાવાળા નં. ૧ દ્વારા તારીખ ૧૬/૦૮/૨૦૧૮ ના રોજ પસાર કરવામાં આવેલ હુકમને પડકારતી અરજી છે, જેના દ્વારા તેમણે અરજદારને જાણ કરી હતી કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના નિર્દેશો મુજબ જો વિમલ ડેરી લિમિટેડ અને સ્વસ્તિક સિરાકોન લિમિટેડના ખાતાઓ સદર તારીખ પહેલાં બંધ કરવામાં નહીં આવે તો તેઓ તારીખ ૨૪/૦૮/૨૦૧૮ થી અરજદારને બેંકના ડિરેક્ટર તરીકે કામ કરવાની મંજૂરી આપશે નહીં, તે કારણોસર કે બંને ખાતાઓ ડિરેક્ટર સંબંધિત ખાતાઓ છે.

૨. આ કોર્ટે અરજદાર તરફે ઉપસ્થિત વિદ્વાન વકીલ શ્રી મેહુલ શાહને સાંભળ્યા છે. તારીખ ૧૬/૦૮/૨૦૧૮ ના પત્રવ્યવહાર પરથી એ પણ નોંધવામાં આવે છે કે બંને કંપનીઓ સાથે ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસરનો અગાઉનો પત્રવ્યવહાર થયેલ છે. માર્ચ, ૨૦૧૬ માં કરવામાં આવેલ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના અહેવાલનો સંદર્ભ પણ આપવામાં આવ્યો છે. વિદ્વાન વકીલ શ્રી શાહે એ પણ ધ્યાન દોર્યું છે કે ૧૬/૦૮/૨૦૧૮ ના રોજ જ, તેમણે સામાવાળા નં. ૧ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસરને બંને સંબંધિત ખાતાઓ ડિરેક્ટર સંબંધિત ખાતા છે તે દર્શાવતો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનો અહેવાલ રજૂ કરવા વિનંતી કરી હતી.

૩. અરજદાર દ્વારા સામાવાળા નં. ૧ ને કરવામાં આવેલી વિનંતી ઓગસ્ટ ૨૩, ૨૦૧૮ સુધીમાં મંજૂર કરવામાં આવે. એકવાર સદર અહેવાલ (સમગ્ર અહેવાલ નહીં, પરંતુ માત્ર તેમના કેસને લગતો અહેવાલ) આ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવે, તે પછી અન્ય અને

*વિશેષ હુકમ પસાર કરવામાં આવશે. આ હુકમની નકલ અરજદારને આજે જ ઉપલબ્ધ કરાવવામાં આવશે. વૈકલ્પિક ઉપાયનો મુદ્દો ખુલ્લો રાખીને આ હુકમ પસાર કરવામાં આવી રહ્યો છે.*

*બાબતને ઓગસ્ટ ૨૩, ૨૦૧૮ ના રોજ પ્રથમ ૫ બાબતોમાં બોર્ડ પર રાખવામાં આવે.*

*આજે જ ડાયરેક્ટ સર્વિસની પરવાનગી આપવામાં આવે છે."*

૩. ઉપર સંદર્ભિત તારીખ ૨૧ ઓગસ્ટ, ૨૦૧૮ ના આ કોર્ટના હુકમને અનુસરીને, તારીખ ૨૩ ઓગસ્ટ, ૨૦૧૮ ના રોજ નીચે મુજબનો વિશેષ હુકમ પસાર કરવામાં આવ્યો હતો;

*"૨. સદર હુકમને અનુસરીને સામાવાળા નં. ૧ એ અરજદારની વિનંતી સ્વીકારી છે અને હાલના અરજદાર સંબંધિત અહેવાલ વધારાની સોગંદનામા સાથે રેકોર્ડ પર રજૂ કરવામાં આવ્યો છે, જેમાં રજૂઆત કરવામાં આવી છે કે તારીખ ૩૧/૦૩/૨૦૧૮ ના આરબીઆઈ નિરીક્ષણ અહેવાલના સારાંશની નકલ અને તેની સાથેના પત્રને જ્યારે બેંક દ્વારા આપવામાં આવેલ ખુલાસા સાથે ધ્યાને લેવામાં આવે, જે સદર અહેવાલમાં પણ નોંધાયેલ છે, ત્યારે સ્પષ્ટ થાય છે કે આરઓસી મુજબ કંપનીના કોઈ ડિરેક્ટર અને અરજદારના સગા સામાવાળા નં. ૧ બેંક સાથે સંકળાયેલા ન હતા. અરજદારનું એવું પણ કહેવું છે કે મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સની વેબસાઈટ પર ઉપલબ્ધ વિગતો મુજબ, હાલના અરજદારના પુત્ર*

શ્રી જયેશભાઈ પટેલનું વિમલ ડેરી લિમિટેડના ડિરેક્ટર અને મેનેજર પદ પરથી રાજીનામું કંપની દ્વારા તારીખ ૧૩/૦૬/૨૦૧૫ થી સ્વીકારવામાં આવ્યું છે અને ફોર્મ નં. ડી.આઇ.આર. ૧૨ તારીખ ૧૮/૦૬/૨૦૧૫ ના રોજ ફાઇલ કરવામાં આવ્યું હતું અને મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ દ્વારા પહોંચ પણ આપવામાં આવી હતી. અરજદારનું એવું પણ કહેવું છે કે શ્રી જયેશભાઈ પટેલે તારીખ ૧૯/૦૬/૨૦૧૨ થી સ્વસ્તિક સિરાકોન લિમિટેડમાંથી ડિરેક્ટર તરીકે રાજીનામું આપી દીધું છે.

૩. આ કોર્ટે વિદ્વાન વકીલ શ્રી મયૂર શરદ શાહ સાથેના વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી મિહિર ઠાકોરને સાંભળ્યા છે, જેમણે આ કોર્ટનું ધ્યાન બેંકની નોંધો/ખુલાસાઓ અને આરબીઆઈ દ્વારા આપવામાં આવેલા કારણો તરફ દોર્યું છે. વિદ્વાન વરિષ્ઠ વકીલ દ્વારા ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી છે કે પૂરી પાડવામાં આવેલી વિગતો પરથી હકિકતમાં એ પણ સ્પષ્ટ છે કે વિમલ ડેરી લિમિટેડ અને સ્વસ્તિક સિરાકોન લિમિટેડના ખાતાઓ ડિરેક્ટર અથવા સંબંધિત ખાતાઓ નથી અને તેમણે મલ્ટી-સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ, ૨૦૦૨ ની જોગવાઈઓ અને સદર કાયદા હેઠળની ધી મહેસાણા અર્બન કો-ઓપરેટિવ બેંક લિમિટેડની પેટા-નિયમો (બાય-લોઝ) તરફ કોર્ટનું ધ્યાન દોરીને અરજદારને ડિરેક્ટર તરીકે કામ કરતા અટકાવવા અંગે સી.ઈ.ઓ. ની સત્તા સામે જ પ્રશ્ન ઉઠાવ્યો છે.

૪. સામાવાળાને વચગાળાની રાહત અંગે નોટિસ જારી કરવામાં આવે, જે ઓગસ્ટ ૨૪, ૨૦૧૮ ના રોજ પરત કરવાની રહેશે.

*૫. બજવણીની નિયમિત પદ્ધતિ ઉપરાંત, પુર્સીસ દ્વારા પૂરા પાડવામાં આવેલ ઈ–મેઈલ દ્વારા સીધી બજવણી (ડાયરેક્ટ સર્વિસ) કરવાની પરવાનગી પણ અરજદારને આજે બપોરે ૦૨:૩૦ વાગ્યે આપવામાં આવે છે.*

*૬. સામાવાળા નં. ૧ ને info@mucbank.com પર બજવણી કરવામાં આવે; જ્યાં સુધી સામાવાળા નં. ૨ નો સંબંધ છે, ત્યાં સુધી ગુજરાત ખાતે સ્થિત પેનલ એડવોકેટને અગાઉથી નકલ આપવામાં આવે.*

*૭. એવી સમજૂતી આપવામાં આવે છે કે વિદ્વાન વકીલ શ્રી અમર એન. ભટ્ટ આરબીઆઈ તરફે ઉપસ્થિત થાય છે, તેથી તેમને આજે નકલ આપવામાં આવે."*

૪. આમ, એવું જણાય છે કે આરબીઆઈ દ્વારા ઘડવામાં આવેલી નીતિ અને બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, ૧૯૪૯ તથા આરબીઆઈ એક્ટ, ૧૯૩૪ ની જોગવાઈઓ હેઠળની તેની સત્તાઓની રૂએ સમયાંતરે જારી કરાયેલ માર્ગદર્શિકા અનુસાર, રિટ અરજદારને સામાવાળા નં. ૧–બેંકના ડિરેક્ટરો પૈકીના એક તરીકે દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. હું એ હકિકતની નોંધ લઉં છું કે સમગ્ર અરજીમાં પડકારનો વિષય સામાવાળા નં. ૧–બેંકના સીઈઓ દ્વારા લેવામાં આવેલ પગલાં છે. મલ્ટી–સ્ટેટ કો–ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલ મલ્ટી–સ્ટેટ શેડ્યૂલ્ડ બેંક સામે સરસિયારી રિટ માટે

અરજ કરવામાં આવી છે. સારાંશમાં અરજ બેંક દ્વારા પસાર કરાયેલા તારીખ ૧૬ ઓગસ્ટ, ૨૦૧૮ ના હુકમને કાયદેસર અમાન્ય ઠેરવી રદ કરવાની છે.

૫. હું એ બાબતની પણ નોંધ લઉં છું કે રિટ અરજીમાં રિટ અરજદારના સંબંધીઓના ખાતાઓના ઉલ્લંઘન સંદર્ભે સામાવાળા નં. ૧–બેંકને આરબીઆઈ દ્વારા જારી કરાયેલ સૂચનાઓને રદ કરવા માટે મેન્ડામસ રિટ અથવા અન્ય કોઈ યોગ્ય રિટ, હુકમ અથવા નિર્દેશ માટે વધુ એક દાદ માંગવામાં આવી છે.

૬. સામાવાળા નં. ૧–બેંક દ્વારા પસાર કરવામાં આવેલ વાદગ્રસ્ત હુકમ નીચે મુજબ વંચાય છે;

*"સંદર્ભ નં. એમયુસીબી/સીઇઓ/૫૦/૨૦૧૮*
*તારીખ: ૧૬/૦૮/૨૦૧૮*
*પ્રતિ,*
*શ્રી ચંદુભાઈ આઇ. પટેલ,*
*ડિરેક્ટર,*
*ધી મહેસાણા અર્બન કો–ઓપ. બેંક લિ.*
*મહેસાણા.*

*આદરણીય સાહેબ,*

*વિષય: બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાંથી પદ છોડવા બાબત.*

ઉપરોક્ત સંદર્ભે, અમે અમારા તારીખ ૧૮/૧૧/૨૦૧૭, ૦૪/૧૨/૨૦૧૭ અને ૦૫/૦૪/૨૦૧૮ ના પત્રો દ્વારા નીચેની કંપનીઓને નીચેના બે ખાતાઓ (૧) ગણપત યુનિવર્સિટી બ્રાન્ચ, ખેરવા ખાતેનું વિમલ ડેરી લિ. અને (૨) અમારી મુખ્ય શાખા ખાતેનું સ્વસ્તિક સિરાકોન લિમિટેડનું ખાતું બંધ કરવા માટે જાણ કરી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ માર્ચ ૨૦૧૬ ની સ્થિતિના નિરીક્ષણ અહેવાલના સંદર્ભમાં સૂચના આપી છે જ્યાં તેમણે ઉપરોક્ત બે ખાતાઓને ડિરેક્ટર સંબંધિત ખાતા તરીકે વર્ગીકૃત કર્યા છે અને આરબીઆઈ નિરીક્ષણ અહેવાલ મુજબ, તે તમારી સાથેનું કનેક્ટેડ લેન્ડિંગ છે, જોકે આપે ઇનકાર કર્યો છે કે આરબીઆઈની વ્યાખ્યા મુજબ તે સંબંધિત નથી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ સલાહ આપી છે કે ઉપરોક્ત બે લોન ખાતા બંધ કરવાના રહેશે, જે વિવાદિત લોન ખાતા છે.

તાજેતરમાં અમે સંબંધિત કંપનીઓને તાજેતરમાં તેમજ ભૂતકાળમાં પત્ર લખીને ઉપરોક્ત બે ખાતા તારીખ ૨૪ ઓગસ્ટ, ૨૦૧૮ પહેલાં બંધ કરવાની સલાહ આપી છે. ઉપરોક્ત બંને કંપનીઓએ અમને લેખિતમાં ખાતું બંધ કરવાની ખાતરી આપી છે અને અન્ય બેંકોમાં શિફ્ટ થવા માટે સમય માંગ્યો છે. હવે બંને કંપનીઓને પૂરતો સમય આપવામાં આવ્યો છે અને છેવટે અમે તેમને ૨૪ ઓગસ્ટ, ૨૦૧૮ પહેલાં ખાતું બંધ કરવાની સલાહ આપી છે. હવે, જો સદર ખાતાઓ કે જેને આરબીઆઈ દ્વારા કનેક્ટેડ લેન્ડિંગ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે તે સમયમર્યાદા પહેલાં બંધ ન થાય, તો ઉપરોક્ત ખાતાઓ બંધ ન થાય ત્યાં સુધી આરબીઆઈના નિર્દેશ મુજબ તારીખ ૨૪ ઓગસ્ટ, ૨૦૧૮ થી આપને બેંકના ડિરેક્ટર તરીકે કામ કરવાની પરવાનગી આપવામાં આવશે નહીં, જેની

*મહેરબાની કરીને નોંધ લેશો. અમે આશા રાખીએ છીએ કે સંબંધિત પેઢીઓ પાસેથી મળેલા અગાઉના પત્રો મુજબ અને તેમના દ્વારા આપવામાં આવેલી ખાતરી મુજબ ખાતા બંધ થઈ જશે અને અમારે આપને બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાંથી પદ છોડવા કહેવાની ફરજ પડશે નહીં.*

*આપના સહકારની અપેક્ષા સાથે.*

*આભાર સહ,*

*વાસ્તે,*

*ધી મહેસાણા અર્બન કો–ઓપ. બેંક લિ.*
*સહી/–*
*ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર*

*બિડાણ: તારીખ ૧૮/૧૧/૨૦૧૭, ૦૪/૧૨/૨૦૧૭ અને ૦૫/૦૪/૨૦૧૮ ના પત્રોની નકલ"*

૭. સામાવાળા નં. ૧–બેંક દ્વારા એક્ટ, ૨૦૦૨ હેઠળ ઘડવામાં આવેલા પેટા–નિયમો (બાય–લોઝ) ની હું નોંધ લઉં છું. પેટા–નિયમ નં. ૩૯ નીચે મુજબ વંચાય છે;

*"૩૯. જનરલ બોડી દ્વારા ચૂંટાયેલા ડિરેક્ટરોને દૂર કરવા બાબત;*

*બોર્ડના ચૂંટાયેલા ડિરેક્ટર જેમણે બેંકના હિત વિરુદ્ધનું કૃત્ય કર્યું હોય તેમને સેન્ટ્રલ રજિસ્ટ્રારના અહેવાલના આધારે દૂર કરી શકાશે અથવા અન્યથા સામાન્ય સભાની બેઠકમાં હાજર રહીને મતદાન કરનારા સભ્યોની ઓછામાં ઓછી બે તૃતીયાંશ બહુમતીથી પસાર કરાયેલા ઠરાવ પરથી બોર્ડમાંથી દૂર કરી શકાશે. જ્યાં સુધી સંબંધિત ડિરેક્ટરને આ બાબતમાં રજૂઆત કરવાની વાજબી તક આપવામાં ન આવે ત્યાં સુધી તેમને દૂર કરવામાં આવશે નહીં".*

૮. બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અંગે આરબીઆઈ દ્વારા જારી કરાયેલ તારીખ ૧ જુલાઈ, ૨૦૧૫ ના માસ્ટર પરિપત્રની પણ હું નોંધ લઉં છું. માસ્ટર પરિપત્રનો સંબંધિત ભાગ લોન અને ધિરાણ પરના પ્રતિબંધ અંગેનો છે. તે આ મુજબ વંચાય છે;

*"૬. લોન અને ધિરાણ પર પ્રતિબંધ*

*૬.૧ પ્રાથમિક (શહેરી) સહકારી બેંકોને તારીખ ૧ ઓક્ટોબર ૨૦૦૩ થી તેમના ડિરેક્ટરો, અથવા તેમના સંબંધીઓ અને જે પેઢીઓ/પેઢીઓ/કંપનીઓમાં તેઓ રસ ધરાવતા હોય તેમને સુરક્ષિત કે અસુરક્ષિત લોન અને ધિરાણ આપવા, પૂરું પાડવા અથવા રિન્યૂ કરવા કે અન્ય કોઈ નાણાકીય સગવડ લંબાવવા પર પ્રતિબંધ છે. પ્રવર્તમાન ધિરાણને તેઓ પાકતી મુદત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી શકાશે.*

*૬.૨ ડિરેક્ટર સંબંધિત લોનની નીચેની શ્રેણીઓને ઉપરોક્ત સૂચનાઓના દાયરામાંથી મુક્તિ આપવામાં આવી છે.*

*(i) યુસીબીના બોર્ડ પરના સ્ટાફ ડિરેક્ટરોને નિયમિત કર્મચારી સંબંધિત લોન.*

*(ii) પગારદાર વર્ગની સહકારી બેંકોના બોર્ડમાં રહેલા ડિરેક્ટરોને સભ્યોને લાગુ પડતી સામાન્ય લોન અને*

*(iii) મલ્ટી–સ્ટેટ સહકારી બેંકોના મેનેજિંગ ડિરેક્ટરોને સામાન્ય કર્મચારી સંબંધિત લોન.*

*(iv) ડિરેક્ટરો અને તેમના સંબંધીઓને તેમના પોતાના નામે રહેલી ફિક્સ્ડ ડિપોઝિટ અને જીવન વીમા પૉલિસી સામેની લોન.*

*૬.૩ 'અન્ય કોઈ નાણાકીય સગવડ' શબ્દોમાં ફંડેડ અને નોન–ફંડેડ ક્રેડિટ લિમિટ્સ તથા અંડરરાઈટિંગ અને સમાન પ્રતિબદ્ધતાઓનો સમાવેશ નીચે મુજબ થશે;*

*(એ) ફંડેડ લિમિટ્સમાં બિલ ખરીદી/ડિસ્કાઉન્ટિંગ, પ્રી–શિપમેન્ટ અને પોસ્ટ–શિપમેન્ટ ક્રેડિટ સુવિધાઓ અને મૂડી સાધનોની ખરીદી તથા તે સંબંધિત દેવાદારોને મંજૂર કરવામાં આવેલી સ્વીકૃતિ મર્યાદાઓ અને ગેરંટી કે જેના જારી થવાથી બેંક તેના ગ્રાહકોને મૂડી અસ્કયામતો પ્રાપ્ત કરવા સક્ષમ બનાવવા માટે નાણાકીય જવાબદારી સ્વીકારે છે તેનો સમાવેશ થશે.*

*(બી) નોન–ફંડેડ લિમિટ્સમાં લેટર્સ ઓફ ક્રેડિટ, ઉપરોક્ત ફકરા (એ) માં દર્શાવેલ સિવાયની અન્ય ગેરંટીઓ અને અંડરરાઈટિંગ તથા સમાન પ્રતિબદ્ધતાઓનો સમાવેશ થશે.*

*૬.૪ વ્યક્તિ અન્ય વ્યક્તિનો સંબંધી ગણાશે, જો અને માત્ર જો:- એ) તેઓ હિન્દુ અવિભાજ્ય કુટુંબના સભ્યો હોય, અથવાબી) તેઓ પતિ-પત્ની હોય અથવાસી) એક વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે નીચે દર્શાવેલ રીતે સંબંધિત હોય.*

*<u>સંબંધીઓની યાદી</u>*

*૧. પિતા*
*૨. માતા (સાવકી માતા સહિત)*
*૩. પુત્ર (સાવકા પુત્ર સહિત)*
*૪. પુત્રની પત્ની*
*૫. પુત્રી (સાવકી પુત્રી સહિત)*
*૬. પુત્રીનો પતિ*
*૭. ભાઈ (સાવકા ભાઈ સહિત)*
*૮. ભાઈની પત્ની*
*૯. બહેન (સાવકી બહેન સહિત)*
*૧૦. બહેનનો પતિ."*

૯. આરબીઆઈ દ્વારા સામાવાળા નં. ૧-બેંકને સંબોધવામાં આવેલ તારીખ ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૭ ના પત્રની પણ હું નોંધ લઉં છું, જેમાં નીચે મુજબ જણાવવામાં આવ્યું છે;

*"બી.આર. એક્ટ ૧૯૪૯ (એએસીએસ) ની કલમ ૩૫ હેઠળ ૨૧મું વૈધાનિક નિરીક્ષણ, માર્ચ ૩૧, ૨૦૧૬ ના રોજની સ્થિતિ – આરબીઆઈના નિર્દેશો/સૂચનાઓનું ઉલ્લંઘન.*

*શીર્ષક વિષય પરના અમારા પત્ર ડીસીબીએસ (એએચ) બીએમએસ-૧ નં. ૨૪૦/૧૧.૦૩.૧૨૩/૨૦૧૭-૧૮ તારીખ ઓગસ્ટ ૧૦, ૨૦૧૭ અને આપના પ્રત્યુત્તર સંદર્ભ ૩૫/૫૪૭ તારીખ ઓગસ્ટ ૨૯, ૨૦૧૭ નો સંદર્ભ લો.*

*આ સંબંધમાં આપને હવે સલાહ આપવામાં આવે છે કે કનેક્ટેડ લેન્ડિંગના કિસ્સાઓમાં સંકળાયેલા ડિરેક્ટરોને બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાંથી પદ છોડવા સૂચના આપો અને બાકીના વિવાદિત લોન ખાતા પાછા ખેંચો (રીકોલ કરો). આપને તે મુજબ કાર્ય કરવા અને ઓક્ટોબર ૧૬, ૨૦૧૭ સુધીમાં પાલન અહેવાલ રજૂ કરવા સલાહ આપવામાં આવે છે.*

*આપનો વિશ્વાસુ,*

*સહી/-*

*(એન. આર. ઓગલે)*
*જનરલ મેનેજર "*

૧૦. રિટ અરજદારના સંબંધમાં સામાવાળા નં. ૧-બેંક દ્વારા પસાર કરાયેલા ઠરાવની પણ હું નોંધ લઉં છું. સદર ઠરાવ આ મુજબ વંચાય છે;

*"આરબીઆઈની સૂચના હોવાથી બેંક ઉપરોક્ત ખાતાઓ બંધ ન થાય ત્યાં સુધી આ પ્રકારનો પત્ર જારી કરવા માટે મજબૂર હતી, બંને ડિરેક્ટર શ્રી ચંદુભાઈ આઇ. પટેલ અને શ્રી અંબાલાલ જે. પટેલને બેંકના ડિરેક્ટર તરીકે કામ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં અને બેંકના બોર્ડમાંથી પદ છોડવા ફરજ પાડવામાં આવે છે."*

૧૧. તારીખ ૨૬ ઓગસ્ટ, ૨૦૧૮ ના રોજ, રિટ અરજદારને સામાવાળા નં. ૧- બેંક દ્વારા બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાંથી પદ છોડવા જાણ કરવામાં આવી હતી. સદર પત્રની વિગતો નીચે મુજબ છે;

*"સંદર્ભ નં. એમયુસીબી/સીઇઓ/૫૭/૨૦૧૮ તારીખ:૨૭/૦૮/૨૦૧૮*

*પ્રતિ,શ્રી ચંદુભાઈ આઇ. પટેલ,વિમલ પાર્ક, રાજકમલ પેટ્રોલ પંપની પાછળ,મહેસાણા-૩૮૪૦૦૨.*

*આદરણીય સાહેબ,*

*વિષય:- બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાંથી પદ છોડવા બાબત*

ઉપરોક્ત સંદર્ભે અને અમારા પત્ર નં. એમયુસીબી/સીઈઓ/૫૦/૨૦૧૮ તારીખ ૧૬/૦૮/૨૦૧૮ ના સંદર્ભમાં, જેમાં અમે આપને જાણ કરી હતી કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આરબીઆઈ દ્વારા માર્ચ–૨૦૧૬ ના નિરીક્ષણ અહેવાલના સંદર્ભમાં સૂચના આપી છે કે બે ખાતાઓ (૧) સ્વસ્તિક સિરાકોન લિમિટેડ (૨) વિમલ ડેરી લિમિટેડ આપની સાથે જોડાયેલ લેન્ડિંગ છે અને અમારા તારીખ ૧૬/૦૮/૨૦૧૮ ના પત્રમાં અમે ૨૪/૦૮/૨૦૧૮ ના રોજ અથવા તે પહેલાં બંને ખાતાઓ બંધ કરવા જણાવ્યું હતું. કમનસીબે, ૨૪/૦૮/૨૦૧૮ પહેલાં ખાતાઓ બંધ કરવામાં આવ્યા નથી. હવે બોર્ડ ઓફ ડિરેક્ટર્સની તારીખ ૧૮ ઓગસ્ટ, ૨૦૧૮ ની બેઠકમાં નક્કી થયા મુજબ, આપને બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ડિરેક્ટર તરીકે કામ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં અને આપને તારીખ ૨૪ ઓગસ્ટ, ૨૦૧૮ થી બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાંથી પદમુક્ત કરવામાં આવે છે.

જો આપ આ બાબતમાં રજૂઆત કરવા માંગતા હોવ, તો આપ રૂબરૂમાં અથવા આપના વકીલ મારફતે અથવા બોર્ડ ઓફ ડિરેક્ટર્સને લેખિતમાં રજૂઆત કરવા મુક્ત છો.

આપના સહકારની આશા સાથે.

ફરી મળીશું,

વાસ્તે,

ધી મહેસાણા અર્બન કો–ઓપરેટિવ બેંક લિ.

સહી/–

વિનોદકુમાર એમ. પટેલ

*ચીફ એક્ઝિક્યુટિવ"*

૧૨. અંતે, ભારત સરકાર દ્વારા સામાવાળા નં. ૧–બેંકને સંબોધવામાં આવેલ તારીખ ૨ મે, ૨૦૧૮ ના એક પત્રની મેં નોંધ લીધી, જે આ મુજબ વંચાય છે;

"એફ.નં. એલ–૧૧૦૧૪/૪૪/૨૦૧૫–૧ અને એમ
ભારત સરકાર
કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય
કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ

કૃષિ ભવન, નવી દિલ્હી
તારીખ ૨ મે, ૨૦૧૮

*પ્રતિ,*
*ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર,*
*ધી મહેસાણા અર્બન કોઓપરેટિવ બેંક લિ.હાઈવે,*
*મહેસાણા, ગુજરાત પિન–૩૮૪૦૦૨*

*વિષય: ડિરેક્ટર સંબંધિત ખાતાઓ ધી મહેસાણા અર્બન કોઓપરેટિવ બેંક લિ. બાબત.*

*મહાશય,*

મને જણાવવાનો નિર્દેશ થયો છે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આ કાર્યાલયના ધ્યાને લાવ્યું છે કે આરબીઆઈના બોર્ડ ફોર ફાઈનાન્સિયલ સુપરવિઝન (બીએફએસ) એ ઓગસ્ટ, ૨૦૧૭ માં આપની બેંક પરના નિરીક્ષણ તારણોની સમીક્ષા કરતી વખતે નિર્દેશ આપ્યો હતો કે કનેક્ટેડ લેન્ડિંગના કિસ્સાઓમાં સંકળાયેલા ડિરેક્ટરોને બોર્ડમાંથી પદ છોડવા સૂચના આપવી જોઈએ અને વિવાદિત લોન ખાતા બેંક દ્વારા પાછા ખેંચી લેવા જોઈએ.

૨. આપને આ પત્ર મળ્યાની તારીખથી ૧૫ દિવસની અંદર આવા ડિરેક્ટર સંબંધિત ખાતાઓની સંખ્યા અને વિગતો (ડિરેક્ટરોના સંબંધીઓ અને તેમની સાથે સંકળાયેલી પેઢીઓ/કંપનીઓ સહિત) અને આવા કેસોમાં સંકળાયેલા ડિરેક્ટરોની સંખ્યા અને નામો વિશે આ કાર્યાલયને જાણ કરવાનો નિર્દેશ આપવામાં આવે છે. આરબીઆઈની સૂચનાઓ છતાં આવા ડિરેક્ટરોએ કેમ પદ છોડ્યું નથી તેનો ખુલાસો કરવાનો આપને વધુ નિર્દેશ આપવામાં આવે છે.

૫. આ બાબત સેન્ટ્રલ રજિસ્ટ્રાર ઓફ કોઓપરેટિવ સોસાયટીઝની મંજૂરી સાથે જારી કરવામાં આવે છે.

સહી/-
(કામન આર. શર્મા)
ડેપ્યુટી કમિશનર (સી અને સી)

૧૩. આરબીઆઈ તરફે ઉપસ્થિત વિદ્વાન વકીલ શ્રી અમર એન. ભટ્ટની મદદ સાથે વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી સૌરભ સોપરકારે આ રિટ અરજીની પોષણક્ષમતા અંગે પ્રાથમિક વાંધો ઉઠાવ્યો છે. શ્રી સોપરકારે પ્રશ્ન ઉઠાવ્યો કે મલ્ટી–સ્ટેટ શેડ્યૂલ્ડ બેંક સામે ભારતના બંધારણની કલમ ૨૨૬ હેઠળની હાલની રિટ અરજી પોષણક્ષમ નથી. શ્રી સોપરકારના જણાવ્યા મુજબ, માત્ર પેરા–૯(બી) ના સંદર્ભમાં રાહત માંગવાથી, રિટ અરજી કાયદામાં પોષણક્ષમ બનશે નહીં. વિદ્વાન વરિષ્ઠ વકીલે રજૂઆત કરી હતી કે મલ્ટી–સ્ટેટ શેડ્યૂલ્ડ બેંક એ ભારતના બંધારણની કલમ ૧૨ ના અર્થમાં 'રાજ્ય' નથી કે રાજ્યનું અંગ પણ નથી. વિદ્વાન વરિષ્ઠ વકીલના જણાવ્યા મુજબ, બેંક ભારતના બંધારણની કલમ ૧૨ ના અર્થમાં સત્તામંડળ કે વ્યક્તિ નથી. આ રિટ અરજીની પોષણક્ષમતા અંગેના તેમના પ્રાથમિક વાંધાના સમર્થનમાં, વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી સોપરકારે **આયોનિક મેટાલિક્સ અને અન્ય વિ. યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય,** ૨૦૧૫(૨) જી.એલ.એચ. ૧૫૬ ના કેસમાં આ કોર્ટની ડિવિઝન બેન્ચના ચુકાદા પર (જેમાં હું પક્ષકાર હતો) મજબૂત આધાર રાખ્યો છે.

૧૪. શ્રી સોપરકારે સામાવાળા નં. ૨ વતી દાખલ કરવામાં આવેલ પ્રત્યુત્તર સોગંદનામા તરફ પણ આ કોર્ટનું ધ્યાન દોર્યું હતું, જે આરબીઆઈના અમદાવાદ

પ્રાદેશિક કાર્યાલયના આસિસ્ટન્ટ જનરલ મેનેજર દ્વારા વિધિવત સમર્થિત છે, જેમાં અન્યો ઉપરાંત નીચે મુજબ જણાવવામાં આવ્યું છે;

*"હું, શ્રીમતી શર્મિલા ગોન્સાલ્વિસ તે શ્રી સિરિલ ગોન્સાલ્વિસના પત્ની, ઉંમર ૫૫ વર્ષ, રહેવાસી અમદાવાદ, આથી ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞાપૂર્વક નિવેદન કરું છું કે:*

*૧. હું રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (જે હવે પછી સામાવાળા/બેંક/આરબીઆઈ તરીકે ઉલ્લેખિત છે) ની અમદાવાદ પ્રાદેશિક કચેરીમાં આસિસ્ટન્ટ જનરલ મેનેજર તરીકે કામ કરું છું. સામાવાળા વતી આ પ્રત્યુત્તર સોગંદનામા પર સહી કરવા માટે હું સક્ષમ અને અધિકૃત છું. હું વધુમાં રજૂઆત કરું છું કે મેં રિટ અરજીનું વાંચન કર્યું છે અને મારી જાતને કેસની હકિકતોથી વાકેફ કરી છે.*

*૨. આ સંક્ષિપ્ત પ્રત્યુત્તર સોગંદનામું અરજીનો વિરોધ કરવા અને આરબીઆઈ સામે કોઈપણ વચગાળાની રાહત આપવાનો વિરોધ કરવા તથા આરબીઆઈનું વલણ રેકોર્ડ પર મૂકવાના મર્યાદિત હેતુ માટે દાખલ કરવામાં આવી રહ્યું છે. હું સમગ્ર અરજીનો ફકરાવાર જવાબ ફાઈલ કરી રહી નથી. જોકે, મારી અરજી સાથે સમગ્રપણે ફકરાવાર વ્યવહાર ન કરવાને અરજદારના કોઈપણ આરોપો અને રજૂઆતોના આરબીઆઈ તરફથી સ્વીકાર તરીકે લેવું જોઈએ નહીં. સંક્ષિપ્તતા ખાતર, હું અરજદારના દરેક આરોપને નકારું છું. આ અરજી પેન્ડિંગ હોય તે દરમિયાન જો જરૂરી જણાય તો વિગતવાર અને સંપૂર્ણ સોગંદનામું દાખલ કરવાની પરવાનગી માંગું છું.*

૩. આ અરજી કાયદા અને હકિકત બંને રીતે સંપૂર્ણપણે ગેરસમજભરી અને ગુણદોષ વિનાની છે. અરજદારના કોઈપણ કાનૂની અને/અથવા મૂળભૂત અધિકારોનું કોઈ ઉલ્લંઘન થયું નથી. વધુમાં, કુદરતી ન્યાયના સિદ્ધાંતોના ઉલ્લંઘન અંગેનો આરોપ ગેરસમજભર્યો છે અને તેથી, ભારતના બંધારણની કલમ ૨૨૬ હેઠળની આ રિટ અરજી પોષણક્ષમ નથી અને તેને પ્રાથમિક તબક્કે જ ફગાવી દેવાને પાત્ર છે.

૪. આરબીઆઈ એ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૪ હેઠળ નાણાકીય અને બેંકિંગ સત્તામંડળ તરીકે રચાયેલ વૈધાનિક નિગમ છે અને બેંકિંગ રેગ્યુલેશન એક્ટની જોગવાઈઓ હેઠળ દેશમાં બેંકિંગ વ્યવસાયના અધિક્ષક અને નિયંત્રણની જવાબદારી તેના પર સોંપવામાં આવેલી છે. સહકારી બેંકો સહિતની બેંકોનો બેંકિંગ વ્યવસાય અને તેમના અસ્તિત્વ અને બિન-અસ્તિત્વ વગેરેની યોગ્યતા આરબીઆઈ દ્વારા નજીકથી નિયમન કરવાના વિષયો છે. વર્ષ ૧૯૬૫ માં, સંસદને નબળી શહેરી બેંકોના ઉદ્ભવને રોકવા અને સુદ્રઢ ધોરણે સહકારી બેંકિંગનો વિકાસ સુનિશ્ચિત કરવા માટે બેંકિંગ વ્યવસાય કરતી મોટી સંખ્યામાં સહકારી મંડળીઓને બીઆર એક્ટ, ૧૯૪૯ ના દાયરામાં લાવવાની જરૂરિયાત જણાઈ હતી. ૧૯૬૫ ના કાયદા ૨૩ દ્વારા, જેને બેંકિંગ લોઝ (એપ્લિકેશન ટુ કો-ઓપરેટિવ સોસાયટીઝ) એક્ટ, ૧૯૬૫ કહેવાય છે, તત્કાલીન બેંકિંગ કંપનીઝ એક્ટ અમુક સુધારાઓ સાથે બેંકિંગનો વ્યવસાય કરતી અમુક સહકારી મંડળીઓને લાગુ કરવામાં આવ્યો હતો. મૂળ કાયદામાં એક નવો ભાગ- ભાગ ૫ ઉમેરીને ૧૯૬૫ નો કાયદો ૨૩ તારીખ ૧ માર્ચ ૧૯૬૬ થી અમલમાં આવ્યો, જેમાં

કલમ ૫૬ નો સમાવેશ થાય છે, જે સહકારી બેંકોને બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, ૧૯૪૯ લાગુ કરવાની જોગવાઈ કરે છે [બી.આર. એક્ટ, ૧૯૪૯ (એએસીએસ)]. સદર કાયદાની કલમ ૫૬ એવી જોગવાઈ કરે છે કે અમલમાં રહેલ કાયદાની જોગવાઈઓ સહકારી મંડળીઓને અથવા તેના સંબંધમાં લાગુ પડશે જેમ તે બેંકિંગ કંપનીઓને લાગુ પડે છે, પરંતુ સદર કલમમાં નિર્ધારિત ફેરફારોને આધીન રહેશે.

૫. બીઆર એક્ટ, ૧૯૪૯ (એએસીએસ) ની કલમ ૩૫ ની શરતો અનુસાર, આરબીઆઈ કોઈપણ સહકારી બેંક અને તેના ચોપડા અને ખાતાઓની તપાસ કરાવવા તેમજ સહકારી બેંક અને તેના ચોપડા અને ખાતાઓની કામગીરીની ચકાસણી કરાવવા માટે સક્ષમ છે. વધુમાં, બીઆર એક્ટ (એએસીએસ) ની કલમ ૩૫એ જાહેર હિતમાં; અથવા બેંકિંગ નીતિના હિતમાં; અથવા કોઈપણ બેંકની કામગીરી થાપણદારોના હિત માટે હાનિકારક હોય તે રીતે અથવા બેંકના હિતોને પ્રતિકૂળ હોય તે રીતે ચલાવવામાં આવતી અટકાવવા માટે; અને બેંકનું યોગ્ય સંચાલન સુરક્ષિત કરવા માટે બેંકોને નિર્દેશો આપવાની સત્તા આરબીઆઈને આપે છે. કલમ ૩૫-એ હેઠળ આરબીઆઈ દ્વારા જારી કરાયેલા આવા નિર્દેશોથી બેંકો બંધાયેલી છે.

૬. આરબીઆઈએ બીઆર એક્ટ (એએસીએસ) ની કલમ ૨૧ અને ૩૫-એ હેઠળ મળેલી સત્તાઓની રૂએ 'ડિરેક્ટરો, સંબંધીઓ અને જેમાં તેઓ રસ ધરાવતા હોય તેવી પેઢીઓ/પેઢીઓને લોન અને ધિરાણ' અંગે નિર્દેશો બીપીડી.ડિરે.નં.૫/૧૩.૦૫.૦૦/૨૦૦૨-૦૩ તારીખ એપ્રિલ

૨૯, ૨૦૦૩ જારી કરેલા છે. સદર નિર્દેશો નીચે મુજબ નિર્ધારિત કરે છે:

"કોઈપણ પ્રાથમિક સહકારી બેંક તેના ડિરેક્ટરો અને તેમના સંબંધીઓ, અને જે પેઢીઓ/કંપનીઓ/પેઢીઓમાં તેઓ હિત ધરાવતા હોય તેમને સુરક્ષિત અથવા અસુરક્ષિત લોન અને ધિરાણ અથવા અન્ય કોઈ નાણાકીય સગવડ આપશે નહીં, પૂરું પાડશે નહીં અથવા રિન્યૂ કરશે નહીં."

હું રજૂઆત કરું છું કે આરબીઆઈએ તેના ધ્યાને આવેલા સંખ્યાબંધ કિસ્સાઓને ધ્યાનમાં રાખીને સદર નિર્દેશ જારી કર્યો હતો જ્યાં યુસીબી દ્વારા ડિરેક્ટરો, તેમના સંબંધીઓ અથવા જેમાં તેઓ હિત ધરાવતા હોય તેવી પેઢીઓ પર કેન્દ્રિત એક્સપોઝર ઊભું કરવામાં આવ્યું હોવાને કારણે, આવા ખાતા એનપીએ બનવાને લીધે બેંકો નાણાકીય મુશ્કેલીઓમાં મુકાઈ ગઈ હતી. હું રજૂઆત કરું છું કે સદર નિર્દેશ સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી) ની ભલામણના પ્રકાશમાં જારી કરવામાં આવ્યો હતો જેણે તે સમયે શેરબજાર કૌભાંડની તપાસ કરી હતી. ભલામણમાં જણાવાયું હતું કે સમિતિ દ્વારા તપાસવામાં આવેલી કેટલીક સહકારી બેંકોના કિસ્સામાં સામે આવેલી અનિયમિતતાઓને રોકવા માટે, તેમનો એવો અભિપ્રાય છે કે ડિરેક્ટરો અને તેમના સંબંધીઓ, અથવા જે સંસ્થાઓમાં તેઓ હિત ધરાવતા હોય તેમને લોન અને ધિરાણ આપવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની જરૂર છે અને ડિરેક્ટરો અને તેમના સંબંધીઓ અને જે સંસ્થાઓમાં તેઓ હિત ધરાવતા હોય તેમને લોન અને ધિરાણ આપવામાં કોઈ હિતોનો સંઘર્ષ ન થાય તે સુનિશ્ચિત કરવા માટે યોગ્ય કાનૂની પ્રક્રિયાઓ શરૂ કરી શકાય છે.

સદર ભલામણને અનુરૂપ, આરબીઆઈએ શહેરી સહકારી બેંકોને તાત્કાલિક અસરથી ડિરેક્ટરો, તેમના સંબંધીઓ અને જે પેઢીઓ/પેઢીઓ/કંપનીઓમાં તેઓ હિત ધરાવતા હોય તેમને કોઈપણ લોન અને ધિરાણ (સુરક્ષિત અને અસુરક્ષિત બંને) આપવા પર પ્રતિબંધ મૂકતા સદર નિર્દેશો જારી કર્યા હતા. તારીખ ૨૯ એપ્રિલ, ૨૦૦૩ ના નિર્દેશની નકલ એનેક્ષર એ તરીકે રજૂ કરવામાં આવેલ છે.

ગુણદોષ પર

૮. આ સોગંદનામું કાયદા અને હકિકતોની સાચી સ્થિતિ અંગે આ નામદાર કોર્ટને વાકેફ કરવાના મર્યાદિત હેતુ માટે દાખલ કરવામાં આવ્યું છે જેણે એમયુસીબીએલને તારીખ ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૭ નો પત્ર જારી કરવા તરફ દોરી હતી. પાછળના તબક્કે જરૂર જણાય તો વિગતવાર સોગંદનામું ફાઈલ કરવાના અધિકારને પૂર્વગ્રહ રાખ્યા વિના આ સોગંદનામું ફાઈલ કરવામાં આવે છે.

૯. ઉપર જણાવેલી રજૂઆતોની સામાન્યતાને પૂર્વગ્રહ રાખ્યા વિના, પરંતુ તેના પર આધાર રાખીને, એવી રજૂઆત કરવામાં આવે છે કે અરજીમાં કરવામાં આવેલી રજૂઆતો અને દલીલો સાચી નથી અને તેથી નકારવામાં આવે છે, સિવાય કે અહીં સ્પષ્ટપણે સ્વીકારવામાં આવેલ હોય. આવા આક્ષેપો કે જે નીચે સ્પષ્ટપણે સ્વીકારવામાં આવ્યા નથી તે નકારવામાં આવ્યા હોવાનું માનવામાં આવશે.

૧૦. હું અરજીમાં જણાવેલ હકિકતોને ગેરસમજભરી, ખોટી અને અસત્ય ગણાવી નકારું છું. હું રજૂઆત કરું છું કે અરજદારે ડિરેક્ટરો અને તેમના સંબંધીઓ અને જેમાં તેઓ રસ ધરાવતા હોય તેવી પેઢીઓ/પેઢીઓને લોન અને ધિરાણ પર પ્રતિબંધ મૂકતા આરબીઆઈ દ્વારા જારી કરાયેલ વૈધાનિક નિર્દેશોની જોગવાઈઓને દૂર કરવા માટે સંબંધિત કંપનીઓના સમગ્ર સંચાલનને છુપાવીને (કેમફ્લેજ કરીને) એમયુસીબીએલ પાસેથી જે કંપનીઓમાં તેઓ અને તેમના સંબંધીઓ હિત ધરાવતા પક્ષકારો છે તેમાં લોન સુવિધા મેળવવાનું સંચાલન કર્યું છે.

૧૧. હું રજૂઆત કરું છું કે આરબીઆઈએ નવેમ્બર અને ડિસેમ્બર ૨૦૧૬ દરમિયાન માર્ચ ૩૧, ૨૦૧૬ ની નાણાકીય સ્થિતિના સંદર્ભમાં ધી મહેસાણા અર્બન કોઓપરેટિવ બેંક લિમિટેડ (એમયુસીબીએલ) નું વૈધાનિક નિરીક્ષણ હાથ ધર્યું હતું. નિરીક્ષણ દરમિયાન, બીઆર એક્ટની જોગવાઈઓ તેમજ આરબીઆઈ દ્વારા સમયાંતરે જારી કરાયેલા નિર્દેશોના ઘણા ઉલ્લંઘનો અને અનિયમિતતાઓ જોવા મળી હતી. સંક્ષિપ્તતા ખાતર આરબીઆઈ સ્પષ્ટપણે નિરીક્ષણ દરમિયાન માત્ર ચોક્કસ તારણ સાથે વ્યવહાર કરે છે જે હાલની અરજીમાં વિવાદનું મુખ્ય કારણ છે.

૧૨. એમયુસીબીએલના માર્ચ ૩૧, ૨૦૧૬ ની સ્થિતિના સંદર્ભમાં નિરીક્ષણ દરમિયાન, આરબીઆઈએ જોયું કે એમયુસીબીએલે આઠ પેઢીઓ/પેઢીઓ/કંપનીઓને લોન અને ધિરાણ મંજૂર કર્યા હતા જેમાં બેંકના બોર્ડ પરના ડિરેક્ટરો હિત ધરાવતા હતા. સહકારી બેંકોને ડિરેક્ટરો રસ ધરાવતા હોય તેવી પેઢીઓ/કંપનીઓને લોન આપવા પર પ્રતિબંધ હોવાથી, આરબીઆઈએ તારીખ ૧૦ ઓગસ્ટ

અને ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૭ ના પત્રો દ્વારા એમયુસીબીએલને આઠ ડિરેક્ટર સંબંધિત/હિત ધરાવતા લોન ખાતાઓને પાછા ખેંચવા/બંધ કરવા અને કનેક્ટેડ લેન્ડિંગમાં સંકળાયેલા ડિરેક્ટરોને બેંકના બોર્ડમાંથી પદ છોડવા સલાહ આપવા સૂચના આપી હતી. થાપણદારો અને બેંકના હિત માટે હાનિકારક હોય તે રીતે બેંકની કામગીરી ચલાવવામાં આવતી અટકાવવા તેમજ બેંકનું યોગ્ય સંચાલન સુનિશ્ચિત કરવા માટે આરબીઆઈ દ્વારા સદર નિર્દેશ જારી કરવામાં આવ્યો હતો.

૧૩. સદર આઠ ખાતાઓમાં ત્રણ ખાતાઓનો સમાવેશ થાય છે જેમાં અરજદાર રસ ધરાવતા હતા એટલે કે નિરીક્ષણ સમયે વિમલ ડેરી, સ્વસ્તિક સિરાકોન અને સેંગ્રેસ ટાઇલ્સ જેની વિગતો નીચે મુજબ છે:

(એ) વિમલ ડેરી લિ. નું ખાતું

(૧) વિમલ ડેરી લિ. ની સ્થાપના ૧૯૯૨ માં એમયુસીબીએલના ચેરમેન શ્રી ગણપતભાઈ કાશીરામ પટેલ દ્વારા કરવામાં આવી હતી જેઓ સ્થાપક સભ્ય હતા. આરબીઆઈ દ્વારા બેંકના નિરીક્ષણ સમયે એટલે કે નવેમ્બર અને ડિસેમ્બર ૨૦૧૬ દરમિયાન એવું જોવામાં આવ્યું હતું કે અરજદારના પુત્ર શ્રી જયેશભાઈ ચંદુલાલ પટેલ જૂન ૨૦૧૫ સુધી વિમલ ડેરી લિ. ના મેનેજિંગ ડિરેક્ટર રહ્યા હતા. વિમલ ડેરી એ મૂળ કંપની વિમલ ઓઇલ એન્ડ ફૂડ (વીઓએફ) ની પેટાકંપની હતી, જ્યાં શ્રી જયેશભાઈ ચંદુલાલ પટેલ કંપનીના ચેરમેન હતા. એવું જોવામાં આવ્યું હતું કે વિમલ ડેરીએ એમયુસીબીએલની વિવિધ શાખાઓમાં પાંચ અલગ-અલગ

કરંટ એકાઉન્ટ ખોલ્યા હતા, જ્યારે કંપની બેંક ઓફ ઈન્ડિયા, મહેસાણા પાસેથી ક્રેડિટ સુવિધાઓ મેળવી રહી હતી.

(ii) વિમલ ડેરીએ બેંક ઓફ ઈન્ડિયા, મહેસાણા શાખા પાસેથી રૂ. ૪૬૧૬.૦૦ લાખની સીસી લિમિટ મેળવી હતી. તેની મૂળ કંપની એટલે કે વીઓએફ લિ. નું ખાતું બેંક ઓફ ઈન્ડિયા, કોર્પોરેટ શાખા, અમદાવાદમાં ૩૧/૦૩/૨૦૧૬ ના રોજ એનપીએ બન્યું હતું. આ બાબત બેંક ઓફ ઈન્ડિયા, મહેસાણા શાખાના તારીખ ૨૭ મે, ૨૦૧૬ ના પત્ર પરથી સ્પષ્ટ થતી હતી જેમાં કેટલીક શરતોને આધીન તેની લોન સુવિધાઓનું નવીકરણ કરવાની સલાહ આપવામાં આવી હતી જેમ કે: (i) શ્રી જયેશ સી. પટેલ અને શ્રી ચંદુભાઈ આઇ. પટેલ (અરજદાર) અને શ્રી ગણપતભાઈ કે. પટેલ અને અન્ય બે વ્યક્તિઓ પાસેથી પર્સનલ ગેરંટી પત્ર મેળવવો અને (ii) ગ્રૂપનું અન્ય ખાતું (વીઓએફએલ) એનપીએ હોવાના સંદર્ભમાં બહાર નીકળવા માટેનો રોડમેપ રજૂ કરવો.

(iii) બેંક ઓફ ઈન્ડિયાના ઉપરોક્ત પત્રને ધ્યાનમાં રાખીને અને વિમલ ડેરીને એમયુસીબીએલ પાસેથી લોન મેળવવા માટે સક્ષમ કરવા માટે, શેરહોલ્ડિંગ (૩૧ માર્ચ, ૨૦૧૬ ના રોજ ૧૯.૩૫%) અરજદારના પરિવાર દ્વારા તેમના પૌત્રોને અને શ્રી ગણપતભાઈ કે. પટેલ દ્વારા જૂન ૧૫, ૨૦૧૬ ના રોજ એમપીવાયએસ ઈન્ફ્રાટેક પ્રાઈવેટ લિમિટેડને ટ્રાન્સફર કરવામાં આવી હતી. ત્યારપછી, વિમલ ડેરીમાં ૨૦ જુલાઈ, ૨૦૧૬ ના રોજ ત્રણ ડિરેક્ટરોનો સમાવેશ કરવામાં આવ્યો હતો એટલે કે (i) શ્રી જીગ્નેશ કુમાર રમણભાઈ પટેલ, (ii) શ્રી ચિંતનકુમાર ભાઈલાભભાઈ પટેલ અને (iii) શ્રી રમેશભાઈ દ્વારકાદાસ પટેલ અને આરઓસીને જાણ

કરવામાં આવી હતી; ડિરેક્ટરોના ફેરફારના બે દિવસની અંદર એટલે કે ૨૨ જુલાઈ, ૨૦૧૬ ના રોજ રૂ. ૩૦૦૦ લાખની લોન મંજૂર કરવામાં આવી હતી.

(iv) હું રજૂઆત કરું છું કે વિમલ ડેરી ૨૬/૦૬/૨૦૧૫ થી વિમલ ઓઇલ ફૂડ્સની સબસિડીયરી મટી જવાનો અર્થ એવો નથી કે વિમલ ડેરી અને એમયુસીબીએલના ડિરેક્ટરો વચ્ચે કોઈ જોડાણ નહોતું, જે આરઓસી પાસે ઉપલબ્ધ ૩૧/૦૩/૨૦૧૬ ની શેરહોલ્ડિંગ પેટર્ન પરથી સ્પષ્ટ થાય છે જેમાં દર્શાવવામાં આવ્યું હતું કે શ્રી સી. આઇ. પટેલના પરિવારના સભ્યો પાસે કંપનીમાં ૧૯.૩૫% શેર હતા. જેમાંથી, ૧૮.૦૭% શેર જૂન ૧૫, ૨૦૧૬ ના રોજ અરજદારના પૌત્રો (એટલે કે કાર્તિક જે. પટેલ, વિમલ જે. પટેલ અને કિર્તન પી. પટેલ) ને ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આ દેખીતી
રીતે એપ્રિલ ૨૯, ૨૦૦૩ ના આરબીઆઈ પરિપત્રમાં આપેલ વ્યાખ્યામાંથી બચવા માટે છે જેમાં પૌત્રોનો સમાવેશ થતો નથી.

(v) વધુમાં, એ પણ સુસંગત છે કે શ્રી ચંદુભાઈ આઇ. પટેલના બીજા પુત્ર શ્રી પ્રદીપભાઈ ચંદુભાઈ પટેલ મહેસાણા અર્બન સીબીએલમાં વિમલ ડેરીનું ખાતું ઓપરેટ કરવા માટે સહી કરનાર અધિકૃત વ્યક્તિ હતા અને જુલાઈ ૨૦૧૬ માં ડિરેક્ટરશીપ બદલાયા પછી પણ એમયુસીબીએલમાં વિમલ ડેરીનું ખાતું ઓપરેટ કરવા માટે સહી કરનાર વ્યક્તિ તરીકે ચાલુ રહ્યા હતા. આકસ્મિક રીતે, અરજદારના પુત્ર શ્રી પ્રદીપકુમાર સી. પટેલ અને તેમની પત્ની શ્રીમતી જીગ્શાબેન પી. પટેલ પાસે ૪,૩૭,૨૦૦ શેર હતા જે વિમલ ડેરીના કુલ શેરના ૭.૨૯% હિસ્સો ધરાવે છે. તેથી,

અરજદાર દ્વારા કરવામાં આવેલી રજૂઆત કે વિમલ ડેરી કે જેને એમયુસીબીએલે ક્રેડિટ સુવિધા પૂરી પાડી હતી તેમાં કોઈ "સંબંધી" શેરહોલ્ડર કે ડિરેક્ટર નથી તે સ્વીકાર્ય નથી કારણ કે તે ગેરસમજભરી અને અસત્ય છે.

(vi) વધુમાં, એ જણાવવું પણ સુસંગત છે કે ૨૦ જુલાઈ, ૨૦૧૬ ના રોજ આરઓસીમાં નોંધાયેલા વિમલ ડેરીના ત્રણ નવા ડિરેક્ટરો પૈકી, માત્ર એક ડિરેક્ટર, એટલે કે શ્રી રમેશભાઈ દ્વારકાદાસ પટેલ પાસે વિમલ ડેરીના ૨,૧૬,૦૦૦ શેર હતા જ્યારે અન્ય બે ડિરેક્ટરો પાસે માર્ચ ૩૧, ૨૦૧૬ ની સ્થિતિએ કંપનીનો કોઈ શેર નહોતો, જે દર્શાવે છે કે કંપનીના બોર્ડમાં કહેવાતી ફેરબદલ એ આરબીઆઈ દ્વારા જારી કરાયેલા નિર્દેશોને દૂર કરવા અને એમયુસીબીએલ પાસેથી લોન મેળવવાની માત્ર એક છળકપટપૂર્ણ (કેમફ્લેજિંગ) કવાયત હતી.

(vii) નિરીક્ષણ દરમિયાન વધુમાં એવું જોવામાં આવ્યું હતું કે અરજદાર અને તેમના પુત્ર શ્રી જયેશ ચંદુભાઈ પટેલે વિમલ ડેરી દ્વારા મેળવેલી લોન માટે બેંક ઓફ ઈન્ડિયાને પર્સનલ ગેરંટી આપી હતી, જે એમયુસીબીએલ દ્વારા ટેકઓવર કરવામાં આવી છે. ઉપરોક્ત હકિકતો પરથી, તે સ્પષ્ટ થાય છે કે અરજદાર અને તેમના સંબંધીઓ ખાતામાં હિત ધરાવતા પક્ષકારો હતા અને તેઓ એમયુસીબીએલના થાપણદારો, બેંક તેમજ જાહેર હિત માટે નુકસાનકારક રીતે વર્તી રહ્યા હતા.

(બી) સ્વસ્તિક સિરાકોનનું ખાતું

આરબીઆઈ દ્વારા હાથ ધરવામાં આવેલા વૈધાનિક નિરીક્ષણ પરથી એવું જોવા મળ્યું હતું કે અરજદારના પુત્ર શ્રી જયેશભાઈ ચંદુભાઈ પટેલ માત્ર સ્વસ્તિક સિરાકોન લિમિટેડના ભૂતપૂર્વ ડિરેક્ટર જ નહોતા પરંતુ સિસ્ટર કન્સર્ન એટલે કે અકીક ટાઇલ્સ લિમિટેડ અને ગ્લેડર સિરામિક્સમાં શેર અને ડિરેક્ટરશીપ પણ ધરાવતા હતા જે સ્વસ્તિક સિરાકોન લિમિટેડ સાથે મર્જ થઈ ગઈ હતી. મે ૦૫, ૨૦૧૨ ના મર્જર દસ્તાવેજો મુજબ, શ્રી જે. સી. પટેલ સ્વસ્તિક સિરાકોનમાં (૨,૫૦,૦૦૦) અને અકીક ટાઇલ્સમાં (૧,૨૦,૦૦૦) અને ગ્લેડર સિરામિક્સમાં (૧૩,૦૦,૨૦૦) શેર ધરાવતા હતા.

આરઓસી દ્વારા જાહેર કરાયેલ માર્ચ ૩૧, ૨૦૧૬ ની શેરહોલ્ડિંગ પેટર્ન પરથી, અરજદારના પરિવારના સભ્યો કંપનીમાં ૧૫.૧૨% શેર ધરાવતા હતા અને એમયુસીબીએલના ચેરમેન શ્રી જી. કે. પટેલના ભાઈ શ્રી કેશવલાલ કે. પટેલ કંપનીમાં ૦.૯% શેર ધરાવતા હતા. આ ઉપરાંત, અન્ય જૂથ કંપનીઓ એટલે કે વિમલ એનર્જી અને વિમલ ડેરી સ્વસ્તિક સિરાકોનમાં અનુક્રમે ૩.૩૫% અને ૩.૩૮% શેર ધરાવતી હતી. આમ, આ અરજદારનું સંબંધિત ખાતું છે.

(સી) અન્ય લોન ખાતાઓ જેમાં અરજદાર હિત ધરાવે છેએમયુસીબીએલે તેના તારીખ ૧૮ ઓગસ્ટ, ૨૦૧૮ ના પત્રમાં કે અરજદારે અરજીમાં ઉલ્લેખ કર્યો નથી કે, અન્ય એક લોન ખાતું હતું જેમાં અરજદાર હિત ધરાવતા હતા જે માર્ચ ૩૧, ૨૦૧૬ ના રોજ બેંકના નિરીક્ષણ દરમિયાન આરબીઆઈ દ્વારા ધ્યાને આવ્યું હતું એટલે કે, સેંગ્રેસ ટાઇલ્સ, જેની વિગતો નીચે મુજબ છે;

(i) સેંગ્રેસ ટાઇલ્સ (એક પ્રાઈવેટ લિમિટેડ કંપની) ના કિસ્સામાં, એમયુસીબીએલનું એવું વલણ કે શ્રી ચંદુભાઈ ઈશ્વરલાલ પટેલ પેઢીમાં કોઈ હિત ધરાવતા ન હતા તે સાચું ન હતું. આના સમર્થનમાં, બેંકે આરઓસી સર્ચ રિપોર્ટની નકલ રજૂ કરી છે જેમાં ત્રણ ડિરેક્ટરોના નામ દર્શાવેલ છે: (i) શ્રી પાર્થ રાજેશ શાહ, (ii) શ્રી રાકેશભાઈ કચરાભાઈ પટેલ અને (iii) શ્રી આશિષ ચંદ્રવર્ધન પટેલ અને તારણ કાઢ્યું કે તેઓ ચેરમેન સાથે સંબંધિત ન હતા. નિરીક્ષણ દરમિયાન બાબતની તપાસ કરવામાં આવી હતી અને એવું જોવામાં આવ્યું હતું કે જે ડિરેક્ટરોના નામ લોન અરજદાર તરીકે દર્શાવવામાં આવ્યા હતા તેઓ કંપનીમાં શ્રી ચંદુભાઈ ઈશ્વરલાલ પટેલ અને તેમના સંબંધીઓના શેરહોલ્ડિંગ કરતાં ઘણો ઓછો ટકા હિસ્સો ધરાવતા હતા. રૂ. ૭૭૫.૦૦ લાખની કુલ પેઇડ-અપ મૂડી (રૂ. ૧૦ ના ૭૭.૫૦ લાખ શેર) માંથી, આ ત્રણ ડિરેક્ટરોના શેર મળીને ૫,૨૦,૪૯૩ શેર હતા, જે પેઇડ-અપ શેર મૂડીના માત્ર ૬.૭૧% હતા જ્યારે શ્રી ચંદુભાઈ ઈશ્વરભાઈ પટેલ અને તેમના પરિવારના સભ્યો પાસે ૩૧/૦૩/૨૦૧૫ ના રોજ કંપનીની પેઇડ-અપ મૂડીના ૨૦.૮૪% ધરાવતા કુલ ૧૬,૧૫,૬૮૪ શેર અને ૩૧/૦૩/૨૦૧૬ ના રોજ ૧૯.૯૧% શેર હતા.

(ii) વધુમાં, સેંગ્રેસ ટાઇલ્સના લોન ખાતાની ચકાસણી પરથી (મર્યાદા રૂ. ૮૦૦.૦૦ લાખ), એવું જોવામાં આવ્યું હતું કે લોન ખાતું મોટાભાગના સમયગાળા માટે ઓવરડ્રોન રહ્યું હતું અને ૩૧/૦૩/૨૦૧૬ ના રોજ તેની સિસ્ટર કન્સર્ન મેસર્સ સ્વસ્તિક સિરાકોનના અન્ય લોન ખાતામાંથી (નં.

૦૦૦૧/૧૩/૦૫/૦૦૦૨૮૧) રૂ. ૨૭૫.૦૦ લાખ ટ્રાન્સફર કરીને મર્યાદામાં લાવવામાં આવ્યું હતું. ૩૧/૦૩/૨૦૧૬ ના રોજ, મંજૂર થયેલ રૂ. ૮૦૦.૦૦ લાખની મર્યાદાથી વધુ રૂ. ૮૦૫.૫૨ લાખની બાકી રકમ સાથે ખાતું ઓવરડ્રોન હતું.

(iii) જોકે સેંગ્રેસ ટાઇલ્સનું લોન ખાતું આરબીઆઈની સલાહ પછી બંધ કરવામાં આવ્યું હતું, છતાં હકિકત એ રહે છે કે આરબીઆઈ નિરીક્ષણ સમયે, ખાતું કાર્યરત હતું અને અરજદાર લોન ખાતામાં હિત ધરાવતા હતા અને બેંકના ડિરેક્ટર તરીકે, કંપની દ્વારા બેંક પાસેથી લોન મેળવવી જોઈતી નહોતી.

(iv) આમ, અરજદાર સેંગ્રેસ ટાઇલ્સમાં પોતાના હિત અંગેની મહત્વની હકિકતો છુપાવવા માટે પણ દોષિત છે.

૧૪. હું રજૂઆત કરું છું કે ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને, અરજદારને સહકારી બેંકના બોર્ડમાં રહેવાની મંજૂરી આપવી તે બેંકના થાપણદારો, ખુદ બેંક તેમજ જાહેર હિત માટે હાનિકારક રહેશે. તેથી, અરજદાર કોઈપણ વચગાળાની રાહત સહિત માંગવામાં આવેલી કોઈપણ રાહત મેળવવા માટે હકદાર નથી. કોઈપણ વચગાળાની રાહત આપવાથી બેંક અને તેના થાપણદારોના હિત જોખમાશે.

૧૫. ઉપર જણાવેલ હકિકતો અને સંજોગોમાં, અરજદાર આરબીઆઈ સામે માંગ્યા મુજબની કોઈપણ રાહત મેળવવા માટે હકદાર નથી. અરજદાર આરબીઆઈ સામે દાદ મેળવવા માટે કોઈ વાજબી આધાર દર્શાવવામાં નિષ્ફળ ગયા છે. તેથી, એવી અરજ

*કરવામાં આવે છે કે આ નામદાર કોર્ટ ખર્ચ સહિત સામાવાળા નં. ૨ સામેની અરજી ફગાવી દેવા મહેરબાની કરે.*

*ઉપર જે જણાવેલ છે તે મારા શ્રેષ્ઠ જ્ઞાન, માહિતી અને માન્યતા મુજબ સાચું છે:*

*આ ૨૯ ઓગસ્ટ, ૨૦૧૮ ના રોજ અમદાવાદ ખાતે ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા લીધી."*

૧૫. શ્રી સોપારકરે આરબીઆઇ વતી દાખલ કરવામાં આવેલા એક વધારાના સોગંદનામા તરફ પણ આ કોર્ટનું ધ્યાન દોર્યું હતું. એ જ રીતે વાંચે છે;

*"સામાવાળા નં. ૨ – રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા વતી વધારાનું સોગંદનામું.*

*હું, શ્રીમતી શર્મિલા ગોન્સાલ્વિસ તે શ્રી સિરિલ ગોન્સાલ્વિસના પત્ની, ઉંમર ૫૫ વર્ષ, રહેવાસી અમદાવાદ, આથી ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞાપૂર્વક નિવેદન કરું છું કે:*

*૧. હું વિમલ ડેરી લિમિટેડના લોન ખાતાના સંદર્ભમાં કેટલીક મહત્વપૂર્ણ અને વધારાની હકિકતો દર્શાવવા માટે આ વધારાનું સોગંદનામું કરી રહી છું.*

*૨. વિમલ ડેરી લિ. ના લોન ખાતાના સંદર્ભમાં, હું કંપનીને લોન મંજૂર કરવાની વાસ્તવિક સ્થિતિ નામદાર કોર્ટને જણાવવા માટે*

નીચેની વધારાની હકિકતો રજૂ કરું છું, જેને અરજદાર દ્વારા જાણીજોઈને છુપાવવામાં આવી છે. હું રજૂઆત કરું છું કે રૂ. ૩૦.૦૦ કરોડની લોનની રકમ મંજૂર કરવા માટે કંપની દ્વારા સબમિટ કરવામાં આવેલી લોન અરજી પર ત્રણ નવા ડિરેક્ટરો દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા જેઓ જુલાઈ ૨૦, ૨૦૧૬ ના રોજ કંપનીના ડિરેક્ટર તરીકે નિયુક્ત થયા હતા. એ નોંધવું સુસંગત છે કે એમયુસીબીએલને સબમિટ કરવામાં આવેલી સદર લોન અરજી તારીખ વિનાની હતી.

બી) જોકે, લોન અરજી પર બેંકના એજીએમ દ્વારા સહી કરાયેલ એમયુસીબીએલની ભલામણ તારીખ ૧૧ જુલાઈ, ૨૦૧૬ ની છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે કંપની દ્વારા આરઓસીમાં ફાઈલિંગ મુજબ વિમલ ડેરી લિ. માં તેમની નિમણૂકની તારીખ એટલે કે ૨૦ જુલાઈ, ૨૦૧૬ થી ઘણા સમય પહેલાં જ ત્રણ નવા ડિરેક્ટરો દ્વારા લોન અરજી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

સી) હું રજૂઆત કરું છું કે બોર્ડની મંજૂરી લોન અરજી પર નોંધવામાં આવી હતી જેમાં જણાવાયું હતું કે તારીખ ૨૨ જુલાઈ, ૨૦૧૬ ના બોર્ડ ઠરાવ નં. ૮૪ દ્વારા રૂ. ૩૦.૦૦ કરોડની લોન મંજૂર કરવામાં આવી હતી જેના પર તે જ તારીખે સીઈઓ દ્વારા સહી કરવામાં આવી છે.

ડી) ઓગસ્ટ ૨૯, ૨૦૧૮ ના રોજ આરબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલા સોગંદનામામાં જણાવ્યા મુજબ, અરજદારના અન્ય પુત્ર શ્રી પ્રદીપભાઈ ચંદુભાઈ પટેલ એમયુસીબીએલમાં વિમલ ડેરી લિ. નું લોન ખાતું ઓપરેટ કરવા માટે સહી કરનાર હતા

અને જુલાઈ ૨૦૧૬ માં ડિરેક્ટરશીપમાં ફેરફાર પછી પણ એમયુસીબીએલમાં વિમલ ડેરીનું ખાતું ઓપરેટ કરવા માટે સહી કરનાર તરીકે ચાલુ રહ્યા હતા.

ઈ) ઉપર રજૂ કરાયેલી ઘટનાઓની ક્રમબદ્ધતા દર્શાવે છે કે વિમલ ડેરી લિ. ના ડિરેક્ટરોમાં ફેરફાર માત્ર આરબીઆઈ દ્વારા જારી કરાયેલા નિર્દેશોમાં નિર્ધારિત પ્રતિબંધને દૂર કરવાના એકમાત્ર ઈરાદા સાથે કરવામાં આવ્યો હતો. આરબીઆઈ દ્વારા જારી કરાયેલા પ્રતિબંધોને દૂર કરવા માટેની આ એક છળકપટપૂર્ણ (કેમફ્લેજિંગ) કવાયત હતી. તે વધુમાં બેંક, તેના થાપણદારો અને જાહેર હિતના ભોગે અરજદાર અને તેમના સંબંધીઓ જે કંપનીઓમાં હિત ધરાવે છે તેને લાભ પહોંચાડવા માટે એમયુસીબીએલમાં ચેરમેન એમેરિટસ તરીકે અરજદારના હોદ્દાનો દુરુપયોગ કરવાનો અરજદાર અને તેમના સંબંધીઓનો બદઈરાદો છતો કરે છે.

એફ) હું રજૂઆત કરું છું કે આરબીઆઈને ઉપરોક્ત સુસંગત હકિકતો આ નામદાર કોર્ટના ધ્યાને લાવવી જરૂરી જણાઈ હતી જે કાયદા અને આરબીઆઈ દ્વારા જારી કરાયેલા નિર્દેશોને નિષ્ફળ બનાવવા માટે એમયુસીબીએલ પાસેથી લોન મેળવવાનો બદઈરાદો સ્પષ્ટપણે જાહેર કરે છે.

આ ૬ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ અમદાવાદ ખાતે ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા લીધી."

૧૬. રિટ અરજદાર તરફે ઉપસ્થિત વિદ્વાન વકીલ શ્રી એમ.એસ. શાહે રજૂઆત કરી હતી કે મલ્ટી–સ્ટેટ શેડ્યૂલ્ડ બેંક સામે રિટ અરજી પોષણક્ષમ છે. તેમણે રજૂઆત કરી હતી કે જ્યારે સહકારી મંડળી દ્વારા બજાવવામાં આવતી ફરજ જાહેર સ્વરૂપની હોય અથવા જ્યારે સહકારી મંડળી દ્વારા કોઈપણ વૈધાનિક નિયમોનું ઉલ્લંઘન થયું હોય ત્યારે સહકારી મંડળી સામે રિટ થઈ શકે છે. શ્રી શાહના જણાવ્યા મુજબ, બેંક દ્વારા તેમના અસીલ સામે શરૂ કરવામાં આવેલી સમગ્ર કાર્યવાહી આરબીઆઈના કહેવાથી કરવામાં આવી છે અને તે ગેરકાનૂની તેમજ કુદરતી ન્યાયના સિદ્ધાંતોથી વિપરીત છે અને તેથી, રિટ અરજી પોષણક્ષમ છે.

૧૭. સહકારી મંડળી સામે રિટ અરજી પોષણક્ષમ છે તેવી પોતાની રજૂઆતના સમર્થનમાં શ્રી શાહે ***અકાલકુન્નમ વિલેજ સર્વિસ કોઓપરેટિવ બેંક લિમિટેડ અને અન્ય વિ. બિનુ એન. અને અન્ય,*** (૨૦૧૪) ૯ એસ.સી.સી. ૨૯૪ ના કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદા પર આધાર રાખ્યો છે.

૧૮. સામાવાળા નં. ૧–બેંક તરફે ઉપસ્થિત વિદ્વાન વકીલ શ્રી દક્ષેશ મહેતાએ પણ આ રિટ અરજીની પોષણક્ષમતાના આધારે તેનો વિરોધ કર્યો છે. શ્રી મહેતા રજૂઆત કરશે કે બેંક કોઈ જાહેર ફરજ બજાવી રહી નથી. તેઓ એવી રજૂઆત કરશે કે બેંક દ્વારા અદા કરવામાં આવતી ફરજ જાહેર સ્વરૂપની નથી. બેંક દ્વારા કોઈપણ વૈધાનિક નિયમોનું કોઈ ઉલ્લંઘન થયું નથી. શ્રી મહેતા રજૂઆત કરશે કે તેમના અસીલે આરબીઆઈ દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકા અને નિર્દેશોને

ધ્યાનમાં રાખીને રિટ અરજદારને બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાંથી ડિરેક્ટર તરીકે દૂર કરવા માટે જરૂરી પગલાં લીધાં છે.

૧૯. શ્રી મહેતાએ બેંક વતી દાખલ કરવામાં આવેલા પ્રત્યુત્તર સોગંદનામામાં કરાયેલી નીચે મુજબની રજૂઆતો પર આધાર રાખ્યો હતો. તે આ મુજબ વંચાય છે;

> *"૪. હું આદરપૂર્વક રજૂઆત કરું છું કે આ સંક્ષિપ્ત પ્રત્યુત્તર સોગંદનામું અરજીનો વિરોધ કરવા અને અરજદારને કોઈપણ વચગાળાની રાહત આપવાનો વિરોધ કરવા તથા રેકોર્ડ પર મૂકવાના મર્યાદિત હેતુ માટે દાખલ કરવામાં આવી રહ્યું છે કે જવાબ આપનાર સામાવાળાએ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનું પહેલેથી જ પાલન કર્યું છે જે અરજીની પેપર બુકના પાના ૯૨ પર જોડાયેલ છે. આદરપૂર્વક રજૂઆત કરવામાં આવે છે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના નિરીક્ષણ અહેવાલ મુજબ, વિમલ ડેરી લિ. અને સ્વસ્તિક સિરાકોન લિ. ના બે ખાતાઓ અરજદારના ડિરેક્ટર–સંબંધિત ખાતાઓ હોવાનું જણાયું છે અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા આપવામાં આવેલા તારીખ ૨૧.૩.૨૦૧૭ ના પત્રના નિર્દેશ મુજબ, સામાવાળા નં. ૧ એ તેનું પાલન કરવાનું રહે છે.*
>
> *૫. વધુમાં આદરપૂર્વક રજૂઆત કરવામાં આવે છે કે ડિરેક્ટરો, સંબંધીઓ અને જેમાં તેઓ રસ ધરાવતા હોય તેવી પેઢીઓ/પેઢીઓને લોન અને ધિરાણ અંગે રિઝર્વ બેંક ઓફ*

ઈન્ડિયા દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકા મુજબ, તારીખ ૨૯ એપ્રિલ, ૨૦૦3 ના નિર્દેશો બીપીડી. ડિરે. નં. ૫/૧૩.૫.૦૦/૨૦૦૨–૦3 માં નીચે મુજબ નિર્ધારિત કરવામાં આવ્યું છે:

"કોઈપણ પ્રાથમિક સહકારી બેંક તેના ડિરેક્ટરો અને જે પેઢીઓ/કંપનીઓ/પેઢીઓમાં તેઓ હિત ધરાવતા હોય તેમને સુરક્ષિત અથવા અસુરક્ષિત લોન અને ધિરાણ અથવા અન્ય કોઈ નાણાકીય સગવડ આપશે નહીં, પૂરી પાડશે નહીં અથવા રિન્યૂ કરશે નહીં."

સંબંધીની વ્યાખ્યા: વ્યક્તિ અન્ય વ્યક્તિની સંબંધી ગણાશે જો અને માત્ર જો (૧) તેઓ હિન્દુ અવિભાજ્ય કુટુંબના સભ્યો હોય અથવા (૨) તેઓ પતિ અને પત્ની હોય અથવા (૩) એક વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે નીચે દર્શાવેલ રીતે સંબંધિત હોય:

સંબંધીઓની યાદી (૧) પિતા (૨) માતા (સાવકી માતા સહિત) (૩) પુત્ર (સાવકા પુત્ર સહિત) (૪) પુત્રની પત્ની (૫) પુત્રી (સાવકી પુત્રી સહિત) (૬) પુત્રીનો પતિ (૭) ભાઈ (સાવકા ભાઈ સહિત) (૮) ભાઈની પત્ની (૯) બહેન (સાવકી બહેન સહિત) (૧૦) બહેનનો પતિ (ડિરેક્ટરોને લોન પર પ્રતિબંધ).

૬. આદરપૂર્વક રજૂઆત કરવામાં આવે છે કે સામાવાળા નં. ૧ એ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ઓડિટ વાંધા અંગે માહિતી અને ખુલાસો પૂરો પાડ્યો છે. લોન દરખાસ્ત મંજૂર કરતી વખતે પ્રમોટર્સ/અરજદારો પાસેથી એવી ઘોષણા મેળવવાની પ્રક્રિયા

*પણ છે કે તેઓ બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં રહેલા કોઈપણ ડિરેક્ટરના સંબંધી નથી. સદર ઘોષણા મેળવ્યા પછી ઉધાર લેનારાઓને રકમ ચૂકવવામાં આવે છે. આ બેંકની સામાન્ય પ્રથા છે.*

*૭. આદરપૂર્વક રજૂઆત કરવામાં આવે છે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની સૂચનાઓ મુજબ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક ૧૮.૮.૨૦૧૮ ના રોજ યોજાઈ હતી અને બોર્ડની બેઠકમાં સર્વાનુમતે ઠરાવ નં. ૧૫૯ પસાર કરવામાં આવ્યો હતો. સદર ઠરાવની પ્રમાણિત સાચી નકલની ઝેરોક્ષ આ પ્રત્યુત્તર સાથે એનેક્ષર–૧ પર સામેલ છે.*

*૮. આદરપૂર્વક રજૂઆત કરવામાં આવે છે કે ત્યારબાદ સામાવાળા બેંકે કાયદાની યોગ્ય પ્રક્રિયાને અનુસરીને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલ સૂચનાઓના પાલન અને અમલીકરણમાં તારીખ ૨૭.૮.૨૦૧૮ નો પત્ર જારી કર્યો હતો જે અરજદારને બજવવામાં આવ્યો હતો અને અરજદાર દ્વારા "વિરોધ સાથે" ની નોંધ સાથે તેનો સ્વીકાર કરવામાં આવ્યો છે. તારીખ ૨૭.૮.૨૦૧૮ ના પત્રની ઝેરોક્ષ નકલ આ સાથે એનેક્ષર–૨ તરીકે સામેલ અને અંકિત કરેલ છે."*

૨૦. પક્ષકારો તરફે ઉપસ્થિત વિદ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા પછી અને રેકોર્ડ પરના સાહિત્યનું અવલોકન કર્યા પછી, મારી વિચારણા માટે ઉપસ્થિત થતો એકમાત્ર પ્રશ્ન એ છે કે શું મલ્ટી–સ્ટેટ શેડ્યૂલ્ડ સહકારી બેંક સામે ભારતના બંધારણની કલમ ૨૨૬ હેઠળની આ રિટ અરજી કાયદા મુજબ પોષણક્ષમ છે?

૨૧. આ સંદર્ભમાં હું શરૂઆતમાં જ નોંધી શકું છું કે **સુપ્રીયો બસુ વિ. વેસ્ટ બંગાળ હાઉસિંગ બોર્ડ,** (૨૦૦૫) ૬ એસ.સી.સી. ૨૮૯ ના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠેરવ્યું હતું કે સહકારી મંડળી તેના સભ્યો વચ્ચેના કરાર પર રચાય છે જેમણે સહકારી મંડળી અધિનિયમ અને તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા મંડળી દ્વારા ઘડવામાં આવેલા પેટા-નિયમોની જોગવાઈઓનું પાલન કરવા સંમતિ દર્શાવી હોય; જ્યાં મંડળી રાજ્યનો કોઈ વિભાગ ન હોય અને કાયદાનું સર્જન પણ ન હોય પરંતુ માત્ર કાયદા દ્વારા સંચાલિત થતી હોય, ત્યાં જો એવું સ્થાપિત થાય કે કાયદાની ફરજિયાત જોગવાઈનું ઉલ્લંઘન થયું છે, તો જ તેની સામે રિટ અરજી પોષણક્ષમ બને. યુ.પી. સ્ટેટ કો-ઓપરેટિવ લેન્ડ ડેવલપમેન્ટ બેંક લિ. વિ. ચંદ્ર ભાન દુબે, (૧૯૯૯) ૧ એસ.સી.સી. ૭૪૧ નો સંદર્ભ આપતાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે સહકારી મંડળી સામે રિટ અરજી થશે કે નહીં તે નક્કી કરવામાં વિચારવાનો પ્રશ્ન એ છે કે તેના પર લાદવામાં આવેલી વૈધાનિક ફરજનું સ્વરૂપ કેવું છે અને કોર્ટે આવી વૈધાનિક જાહેર ફરજનું અમલીકરણ કરવાનું હોય છે.

૨૨. એસ.એસ. રાણા વિ. રજિસ્ટ્રાર, કો-ઓપરેટિવ સોસાયટીઝ, (૨૦૦૬) ૧૧ એસ.સી.સી. ૬૩૪ નો સંદર્ભ પણ આપી શકાય છે, જે હિમાચલ પ્રદેશ કો-ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ, ૧૯૬૮ હેઠળ રચાયેલી કાંગડા સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંક લિમિટેડ દ્વારા તેના બ્રાન્ચ મેનેજરની સેવાઓ સમાપ્ત કરવાનો

કેસ હતો. તે કેસમાં બ્રાન્ચ મેનેજરની એવી દલીલ હતી કે સહકારી મંડળીની પ્રવૃત્તિઓ ખેડૂતોને નાણાં ધીરવાની હોવાથી, તે પ્રદીપ કુમાર બિસ્વાસ વિ. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ બાયોલોજી, મનુ/એસસી/૦૩૩૦/૨૦૦૨ ના દાયરામાં આવશે અને નિયમો, પેટા–નિયમો અને કુદરતી ન્યાયના સિદ્ધાંતોથી વિપરીત સેવા સમાપ્તિનો આક્ષેપ કરતી રિટ અરજી પોષણક્ષમ બનશે. સુપ્રીમ કોર્ટે ઠેરવ્યું હતું કે જ્યાં મંડળી કોઈ કાયદા હેઠળ રચાયેલી ન હોય અને અન્ય કોઈપણ સહકારી મંડળીની જેમ કામ કરતી હોય અને માત્ર કો–ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ દ્વારા નિયંત્રિત થતી હોય અને જ્યાં મંડળીની કામગીરીમાં રાજ્યનો કોઈ હસ્તક્ષેપ ન હોય, અને જ્યાં સભ્યપદ, શેરોનું સંપાદન અને અન્ય તમામ બાબતો કાયદા હેઠળ ઘડવામાં આવેલા પેટા–નિયમો દ્વારા સંચાલિત થતી હોય અને રાજ્ય મંડળીનું બહુમતી શેરધારક ન હોય તેમજ ગહન અને વ્યાપક નિયંત્રણ અર્થે મંડળીના કારોબાર પર કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ નિયંત્રણ ન ધરાવતું હોય અને રાજ્યે માત્ર એક ડિરેક્ટરની નિમણૂક કરવાની હોય, ત્યારે એવું ન કહી શકાય કે રાજ્ય મંડળીના કારોબાર પર કોઈ કાર્યાત્મક નિયંત્રણ ધરાવે છે. વધુમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે મંડળી સામે રિટ થશે કે નહીં તે નક્કી કરવામાં અન્ય કેટલાક સુસંગત પ્રશ્નો ધ્યાનમાં લેવા જરૂરી છે: (૧) મંડળીની રચના કેવી રીતે કરવામાં આવી હતી; (૨) શું તે કોઈ એકાધિકાર (મોનોપોલી) સ્વરૂપ ધરાવે છે; (૩) શું મંડળીના કાર્યો વૈધાનિક કાર્યો કે જાહેર કાર્યો જેવા છે; અને (૪) શું તેને જાહેર સત્તામંડળ તરીકે દર્શાવી શકાય. કાંગડા

સેન્ટ્રલ કો–ઓપરેટિવ બેંક લિમિટેડ ઉપરોક્ત કોઈપણ કસોટી પૂર્ણ કરતી ન હોવાનું ઠેરવવામાં આવ્યું હતું. એવું ઠેરવવામાં આવ્યું હતું કે કંપનીઝ એક્ટ અથવા કો–ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ જેવા સામાન્ય નિયમનો કંપની અથવા મંડળીની પ્રવૃત્તિઓને રાજ્યના નિયંત્રણ હેઠળ લાવતા નથી અને કંપનીઝ એક્ટ અથવા કો–ઓપરેટિવ સોસાયટીઝ એક્ટની જોગવાઈઓનો હેતુ માત્ર મંડળીનું યોગ્ય સંચાલન સુનિશ્ચિત કરવાનો છે તથા રાજ્ય અથવા રજિસ્ટ્રાર કો–ઓપરેટિવ સોસાયટીઝ જેવા વૈધાનિક સત્તામંડળોને મંડળીની રોજબરોજની કામગીરી સાથે કોઈ લેવાદેવા હોતી નથી.

૨૩. હું નોંધી શકું છું કે રિટ અરજી, જેમ દાખલ કરવામાં આવી છે તેમ, સામાવાળા નં. ૧–બેંકના સ્વરૂપ, લાક્ષણિકતા કે બંધારણ વિશે અથવા સામાવાળા નં. ૧–બેંક સામેની રિટ અરજીની પોષણક્ષમતા અંગે કોઈ પણ પ્રકારની રજૂઆતો ધરાવતી નથી અને રિટ અરજી પોષણક્ષમ હોવાનું માની લે છે. સામાવાળાઓ દ્વારા વાંધો ઉઠાવવામાં આવતાં, રિટ અરજીની પોષણક્ષમતા માત્ર મલ્ટી–સ્ટેટ કોઓપરેટિવ સોસાયટીઝ એક્ટ હેઠળ સેન્ટ્રલ રજિસ્ટ્રાર, મલ્ટી–સ્ટેટ કોઓપરેટિવ સોસાયટીઝ દ્વારા ઉપયોગમાં લેવાતા નિયંત્રણના કારણે અને વધુમાં બેંક દ્વારા લેવામાં આવેલા તમામ પગલાં આરબીઆઈના કહેવાથી કરવામાં આવ્યા છે તે કારણોસર જ વાજબી ઠેરવવામાં આવી છે. બીજા શબ્દોમાં કહીએ તો, રિટ અરજદાર વતી કરવામાં આવેલી રજૂઆત એ છે કે કાર્યવાહી આરબીઆઈ અને અન્ય વૈધાનિક સત્તામંડળોના ઈશારે કરવામાં આવી હોવાથી

અને વાદગ્રસ્ત હુકમ પણ આરબીઆઈ અને ભારત સરકારના નિર્દેશો અનુસાર બેંક દ્વારા પસાર કરવામાં આવ્યો હોવાથી, સારાંશમાં, એવું કહી શકાય કે વાદગ્રસ્ત હુકમ બંધારણની કલમ ૧૨ ના દાયરામાં આવતા 'સત્તામંડળ' દ્વારા પસાર કરવામાં આવ્યો છે.

૨૪. સામાવાળા નં. ૧–બેંક એક અલગ વ્યક્તિત્વ અને કાનૂની અસ્તિત્વ ધરાવે છે. તે રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર દ્વારા રચાયેલ સંસ્થા નથી. તે મલ્ટી–સ્ટેટ કોઓપરેટિવ સોસાયટીઝ એક્ટ હેઠળ સ્થપાયેલી મલ્ટી–સ્ટેટ સહકારી મંડળી છે. કોઈ કાયદા હેઠળ આરબીઆઈનું માત્ર નિયમનકારી નિયંત્રણ પૂરતું નથી. વિવિધ કસોટીઓ લાગુ કરવાનો ઉદ્દેશ્ય એ સમજવાનો છે કે શું આ સંસ્થા ખરેખર સરકારની એજન્સી છે કે નહીં. જો કોઈ સંસ્થા સરકારની એજન્સી ન હોય, તો તે ભારતના બંધારણની કલમ ૧૨ ના અર્થમાં "સત્તામંડળ" નથી.

૨૫. ભારતના બંધારણની કલમ ૨૨૬ મૂળભૂત (પ્લેનરી) સ્વરૂપનો છે અને દેશની વડી અદાલતોને રિટ જારી કરવાની સત્તા આપે છે. સદર કલમ નીચે મુજબ વંચાય છે;

> *"૧. કલમ ૩૨ માં કંઈપણ સમાવિષ્ટ હોવા છતાં, પ્રત્યેક વડી અદાલતને, જે પ્રદેશોના સંબંધમાં તે અધિકારક્ષેત્ર ધરાવતી હોય તે સમગ્ર પ્રદેશોમાં, તે પ્રદેશોની અંદર આવેલી કોઈપણ સરકાર*

*સહિત કોઈપણ વ્યક્તિ કે સત્તામંડળને ભાગ ૩ દ્વારા આપવામાં આવેલા કોઈપણ અધિકારોના અમલ માટે અને અન્ય કોઈપણ હેતુ માટે હેબિયસ કોર્પસ, મેન્ડામસ, પ્રોહિબિશન, કો વોરન્ટો અને સરસિયારી સ્વરૂપની રિટ સહિત નિર્દેશો, હુકમો અથવા રિટ અથવા તે પૈકીની કોઈપણ જારી કરવાની સત્તા રહેશે."*

૨૬. સદર કલમ જણાવે છે કે પ્રત્યેક વડી અદાલતને ભાગ ૩ દ્વારા આપવામાં આવેલા અધિકારોના અમલ માટે અથવા 'અન્ય કોઈપણ હેતુ' માટે કોઈપણ સત્તામંડળ સામે યોગ્ય રિટ જારી કરવાનું અધિકારક્ષેત્ર છે. સદર કલમ એમ પણ જણાવે છે કે 'કોઈપણ વ્યક્તિ' ને રિટ જારી કરી શકાય છે. સર્વોચ્ચ અદાલતે તેના વિવિધ ચુકાદાઓમાં 'કોઈપણ વ્યક્તિ' અને 'અન્ય કોઈપણ હેતુ માટે' શબ્દપ્રયોગોનું સ્પષ્ટીકરણ અને વિવેચન કર્યું છે.

૨૭. કલમ ૨૨૬ નું સાદું વાંચન જ દર્શાવે છે કે મૂળભૂત અધિકારોના અમલ માટે અથવા અન્ય કોઈપણ હેતુ માટે કોઈપણ વ્યક્તિ સામે પણ રિટ કે હુકમો જારી કરવાની વડી અદાલત પાસે સત્તા છે. નિર્ણય માટે જે પ્રશ્ન ઉપસ્થિત થાય છે તે એ છે કે: શું વડી અદાલત દ્વારા બંધારણની કલમ ૨૨૬ હેઠળ કોઈ સહકારી મંડળી કે જે કોઈ શંકા વિના "વ્યક્તિ" ની વ્યાખ્યામાં સમાવિષ્ટ થાય છે, તેની સામે સદર મંડળી જે વૈધાનિક જોગવાઈઓ દ્વારા સંચાલિત થતી હોય તેના અમલ માટે રિટ કે હુકમ જારી કરી શકાય?

૨૮. જ્યાં સુધી આપણા બંધારણનો સંબંધ છે ત્યાં સુધી કાયદાનું શાસન સર્વવ્યાપી છે. સરકારના ત્રણ મહત્વપૂર્ણ અંગો, એટલે કે, ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર, બંધારણ દ્વારા અથવા કાયદા દ્વારા રચાયેલ તમામ જાહેર સત્તામંડળો કાયદાના શાસનને આધીન છે. તે સ્વયંસિદ્ધ છે કે ખાનગી વ્યક્તિ કાયદા દ્વારા શાસિત થતી નથી. પ્રશ્ન એવા ઉપાયનો છે જે ખાનગી વ્યક્તિ સામે તે ખાનગી વ્યક્તિને લાગુ પડતી કાયદાની જોગવાઈઓના અમલ માટે ઉપલબ્ધ હોવો જોઈએ. કલમ ૨૨૬ હેઠળ વડી અદાલતને સોંપવામાં આવેલ રિટ અધિકારક્ષેત્ર ચોક્કસ નાગરિકો અથવા સત્તામંડળો સામે કાનૂની જવાબદારીઓ લાગુ કરવા માટે નાગરિકોને ઉપલબ્ધ કાનૂની ઉપાયો અથવા મંચોનો વિકલ્પ નથી. રિટ અધિકારક્ષેત્ર જાહેર કાયદા (પબ્લિક લૉ) ના ક્ષેત્રમાં છે. રિટ અધિકારક્ષેત્રનું મૂળ અંગ્રેજી કાયદામાં રહેલું છે. અંગ્રેજી કાયદામાં પણ વ્યાપક ફેરફારો થયા છે જેની ચર્ચા એચ.એમ. સીરવાઈએ કોન્સ્ટીટ્યુશનલ લૉ ઓફ ઈન્ડિયા, વોલ્યુમ ૨, ત્રીજી આવૃત્તિ, પાના ૧૨૨૧ થી આગળ કરી છે. વિદ્વાન લેખકે અવલોકન કર્યું છે કે:–

> *"૧૯૫૦ થી જાહેર કાયદાનો ખ્યાલ ખૂબ વિસ્તૃત થયો છે. બીજું, તેઓ દર્શાવે છે કે લેવિશમ કેસ દ્વારા મેન્ડામસની મંજૂરી પર લાદવામાં આવેલા નિયંત્રણો ટકી શકે તેમ નહોતા કારણ કે તેઓએ મેન્ડામસને જાહેર કાયદાના ઉપાય તરીકેના તેના આવશ્યક લક્ષણથી વંચિત કરી દીધું હતું. ખાનગી કાયદાના ઉપાયો અને જાહેર કાયદાના ઉપાયો સમાન અદાલતો દ્વારા મંજૂર કરવામાં*

*આવતા હોવાથી, અદાલતો વિશેષાધિકાર રિટના જાહેર કાયદાના પાસા અને તે પાસામાંથી ઉદ્ભવતા પરિણામોની સંપૂર્ણ અસરોને સમજવામાં ધીમી હતી. આ બાબત પ્રોફેસર શ્વાર્ટ્ઝ અને પ્રોફેસર એચ.ડબલ્યુ.આર. વેડ દ્વારા પ્રશંસનીય રીતે રજૂ કરવામાં આવી છે. સરસિયારી, પ્રોહિબિશન અને મેન્ડામસના વિશેષાધિકાર ઉપાયોનો ઉલ્લેખ કરતાં તેઓએ લખ્યું:- "વિશેષાધિકાર ઉપાયોનું મહત્વનું પાસું એ છે કે તેઓ માત્ર જાહેર કાયદા હેઠળ આવે છે (હેબિયસ કોર્પસના અપવાદ સિવાય), તેમનો પ્રાથમિક ઉદ્દેશ્ય ખાનગી અધિકારો લાગુ કરવા કરતાં સરકારી તંત્રને યોગ્ય રીતે કાર્યરત કરવાનો છે. આ એક મૂલ્યવાન 'જાહેર હિત' તત્વ રજૂ કરે છે. સરસિયારી માટેની અરજી એ, કેસનું શીર્ષક દર્શાવે છે તેમ, કોઈ જાહેર સત્તામંડળને તેની સત્તાનો અતિરેક અથવા દુરુપયોગ કરવા બદલ જવાબદાર ઠેરવવા માટે મહારાણી (ક્વીન) દ્વારા કરવામાં આવતી કાર્યવાહી છે. તેવી જ રીતે મેન્ડામસના દાવામાં મહારાણી કોઈ જાહેર ફરજના યોગ્ય પાલન માટે કહે છે. જોકે ખાનગી વ્યક્તિઓ અલબત્ત વાસ્તવિક વાદીઓ છે, કાર્યવાહીનું જાહેર સ્વરૂપ માત્ર એક ઔપચારિકતા કરતાં વિશેષ છે."*

૨૯. સામાન્ય રીતે કહીએ તો મેન્ડામસનો હુકમ એ કોઈપણ વ્યક્તિ, નિગમ અથવા નીચલી અદાલત તરફ નિર્દેશિત આદેશ છે જેમાં તેમને તેમના કાર્યાલયને લગતી અને જાહેર ફરજના સ્વરૂપની હોય તેવી કોઈ વ્યવહારુ બાબત કરવાની ફરજ પાડવામાં આવે છે. સરસિયારીનો હુકમ એ નીચલી અદાલતને કોઈ કેસ અથવા બાબતની કાર્યવાહીનો રેકોર્ડ વડી અદાલતમાં મોકલવાનો નિર્દેશ આપતો હુકમ છે જેથી ત્યાં તેની સાથે કાર્યવાહી કરી શકાય. વિદ્વાન લેખકે સદર

આવૃત્તિના પાના ૧૩૨૪ પર ભારતીય કાયદાની ચર્ચા કરતી વખતે નીચે મુજબનું અવલોકન કર્યું છે:–

*"જોકે, બંધારણ અમલમાં આવ્યા પછી તરત જ, કલમ ૨૨૬ ની વ્યાપક શરતો પર ભાર મૂકવામાં આવ્યો હતો જેથી એવી દલીલને સમર્થન મળે કે વડી અદાલતો માત્ર કલમમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત નિર્દેશો કે રિટ જારી કરવા પૂરતી મર્યાદિત નથી પરંતુ "અન્ય કોઈપણ હેતુ માટે", એટલે કે, "મૂળભૂત અધિકારોના અમલ સિવાયના અન્ય કોઈપણ હેતુ માટે" "કોઈપણ વ્યક્તિ" સામે "કોઈપણ હુકમ અથવા નિર્દેશ" જારી કરી શકે છે. સંખ્યાબંધ કેસોમાં આ દલીલ નકારી કાઢવામાં આવી હતી, જ્યાં અરજદારોએ વિશેષાધિકાર રિટ જારી કરવાને સંચાલિત કરતા સુસ્થાપિત સિદ્ધાંતો અનુસાર જે દાદ મેળવવા હકદાર નહોતા તેવી દાદ માંગી હતી. આમ, ઈન રે નાગભૂષણ, (૧૯૫૦) મદ્રાસ ૧૧૧૯ માં, અરજદારે રાજકીય પક્ષના વિવિધ અંગો સામે મનાઈહુકમ (પ્રોહિબિશન) ની રિટ માંગી હતી. ઈન રે કહ્યુમદ્દમ થિપ્પાસ્વામી, (૧૯૫૧) ૨ એમ.એલ.જે. ૧૭૧ માં, સગીરના વાલીએ અમુક સર્વે નંબરો પર ઊભેલા વૃક્ષો કાપતા ખાનગી પક્ષકારો એવા સામાવાળાઓને રોકવા માટે મેન્ડામસની રિટ માંગી હતી. ઈન્ડિયન ટોબેકો કોર્પો. વિ. મદ્રાસ, (૧૯૫૪) મદ્રાસ ૭૫૪ માં, અરજદારે કરારના કથિત અગાઉથી ભંગ કરતા સામાવાળાઓને રોકવા માટે મેન્ડામસની માંગણી કરી હતી. આ કેસોમાં વ્યાપક દલીલ એવી હતી કે કલમ ૨૨૬ અદાલતને ખાનગી વિવાદો નક્કી કરવાનું અધિકારક્ષેત્ર પણ આપે છે. તે દલીલને ફગાવી દેતા કેસોમાંથી નીચેના સિદ્ધાંતો ઉદ્દભવે છે: (૧) કલમ ૨૨૬ નું*

શાબ્દિક અર્થઘટન અભિપ્રેત હોઈ શકે નહીં કારણ કે "તે કોઈપણ વ્યક્તિને આ કલમ હેઠળ અરજી કરીને કોઈપણ દાદ મેળવવા સક્ષમ બનાવશે. કલમનું આ અર્થઘટન વ્યવહારીક રીતે સમગ્ર ન્યાયિક વ્યવસ્થા અને રાજ્યમાં ન્યાય વહીવટ માટે સ્થાપિત તંત્રને રદબાતલ કરશે." (૨) કલમ ૨૨૬ માં આંતરિક પુરાવા છે કે "કોઈપણ વ્યક્તિને" અને "કોઈપણ હેતુ માટે" શબ્દોનો શાબ્દિક અર્થઘટન થઈ શકે નહીં. કારણ કે, કલમ ૨૨૬ વડી અદાલતોને અન્ય ગમે તે સત્તા આપે છે, તે નિઃશંકપણે હેબિયસ કોર્પસ, મેન્ડામસ, પ્રોહિબિશન, સરસિયારી અને કો વોરન્ટો સ્વરૂપની રિટ જારી કરવાની સત્તા આપે છે. પરંતુ આ રિટ "કોઈપણ વ્યક્તિને" અને "કોઈપણ હેતુ માટે" જારી કરી શકાતી નથી. જે હેતુઓ માટે, અને જે વ્યક્તિઓને આ રિટ જારી કરી શકાય છે તે લાંબા સમયથી સુસ્થાપિત છે. તેથી, સ્પષ્ટપણે ઉલ્લેખિત સ્વરૂપની રિટ "કોઈપણ વ્યક્તિને" જારી કરવાની સત્તાનો માત્ર એવો અર્થ થઈ શકે છે કે "સુસ્થાપિત સિદ્ધાંતો અનુસાર જે વ્યક્તિને આવી રિટ લાગુ પડતી હોય તેને આવી રિટ જારી કરવાની સત્તા". અને "અન્ય કોઈપણ હેતુ માટે" શબ્દોનો અર્થ એવો થવો જોઈએ કે "અન્ય કોઈપણ હેતુ કે જેના માટે સુસ્થાપિત સિદ્ધાંતો અનુસાર કોઈપણ રિટ જારી થઈ શકે", "અન્ય" શબ્દ "મૂળભૂત અધિકારોના અમલ માટે" ની વિરુદ્ધમાં વંચાય છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે ઉપર (૨) માં દર્શાવેલ સિદ્ધાંતો પરથી નીચેનો સિદ્ધાંત આવશ્યકપણે આવવો જોઈએ:- (૩) હુકમો, નિર્દેશો અથવા રિટ "કોઈપણ વ્યક્તિને" અને "કોઈપણ હેતુ માટે" જારી કરવાના હોય છે, એકવાર રિટના સંદર્ભમાં આ શબ્દોનો અર્થ નક્કી થઈ જાય પછી, "હુકમો" અથવા "નિર્દેશો" ના સંદર્ભમાં તેમને અલગ અર્થ આપી શકાય નહીં. આનાથી આપણને આશ્ચર્ય પણ થવું જોઈએ નહીં. ઇંગ્લેન્ડમાં,

*મેન્ડામસ, સરસિયારી અને પ્રોહિબિશનની રિટને ૧૯૩૮ માં સમાન નામના "હુકમો" દ્વારા બદલવામાં આવી હતી; કો વોરન્ટોની રિટને પહેલા કો વોરન્ટોના સ્વરૂપની માહિતી દ્વારા અને પાછળથી મનાઈહુકમ દ્વારા બદલવામાં આવી હતી – એટલે કે, કોર્ટનો હુકમ. ભારતમાં હેબિયસ કોર્પસ અને મેન્ડામસની રિટને સીઆર.પી.સી. ની કલમ ૪૯૧ અને સ્પેસિફિક રિલીફ એક્ટ, ૧૮૭૭ ની કલમ ૪૫ દ્વારા અનુક્રમે હેબિયસ કોર્પસના સ્વરૂપના "નિર્દેશો" અને મેન્ડામસના સ્વરૂપના "નિર્દેશો" દ્વારા બદલવામાં આવી હતી. એક સમયે જેને રિટ કહેવાતા તેનું વર્ણન કરવા માટે "હુકમો" અને "નિર્દેશો" શબ્દોનો ઉપયોગ થતો હતો, અને ઇંગ્લેન્ડ અને ભારતમાં આ પરિભાષા ઉપયોગમાં હોવાથી, સુપ્રસિદ્ધ અંગ્રેજી રિટનું વર્ણન કરવા માટે કલમ ૨૨૬ માં ત્રણેય શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. (૪) દેશના સામાન્ય કાયદા હેઠળ પક્ષકારને ઉપલબ્ધ દાવો અને અરજીના સામાન્ય ઉપાયોનું સ્થાન લેવા માટે કલમ ૨૨૬ નું અર્થઘટન થવું જોઈએ નહીં."*

૩૦. પાના ૧૩૭૭ પર પેરા ૧૬.૨૮૯ માં, વિદ્વાન લેખક દ્વારા ફરીથી ભાર મૂકવામાં આવ્યો હતો કે જાહેર હોદ્દો ધરાવતી વ્યક્તિ સામે અથવા નિગમ કે નીચલી અદાલત સામે ફરજોના અમલ માટે મેન્ડામસ લાગુ પડે છે, જે તે સમયે અમલમાં રહેલા કોઈપણ કાયદા હેઠળ આવી વ્યક્તિ અથવા અદાલત પર તેના જાહેર હોદ્દાની રૂએ અથવા આવા નિગમ પર તેના કોર્પોરેટ સ્વરૂપની રૂએ સ્પષ્ટપણે બંધનકર્તા હોય. પાના ૧૩૮૩ પર લેખકે ફરીથી અવલોકન કર્યું કે જે

સમયે અમલમાં રહેલા કાયદા હેઠળ સ્પષ્ટપણે બંધનકર્તા હોય તેવી જાહેર ફરજોના પાલનને સુરક્ષિત કરવા માટે મેન્ડામસ લાયક બને છે, તેથી તે ખાનગી પક્ષકારો સામે અથવા કરાર આધારિત અધિકારોના અમલ માટે લાગુ પડશે નહીં.

૩૧. એ સાચું છે કે માત્ર એટલા માટે કે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા બેંકિંગ રેગ્યુલેશન એક્ટની કલમ ૫(સી)(એ) હેઠળ જોગવાઈ કર્યા મુજબ થાપણદારોના હિતોને યોગ્ય ધ્યાનમાં રાખીને બેંકિંગ સિસ્ટમના હિતમાં અથવા નાણાકીય સ્થિરતા કે સુદ્રઢ આર્થિક વિકાસના હિતમાં બેંકિંગ નીતિ ઘડે છે, તેનો અર્થ એ નથી કે બેંકિંગનો વ્યવસાય અથવા વ્યાપારી પ્રવૃત્તિ કરતી સહકારી બેંકો કોઈ જાહેર કાર્ય કે જાહેર ફરજ બજાવે છે. આ તમામ બેંકિંગમાં વ્યાપારી પ્રવૃત્તિ ચલાવનારાઓને લાગુ પડતા નિયમનકારી પગલાં છે અને આ કંપનીઓએ આ જોગવાઈઓ અનુસાર કાર્ય કરવાનું હોય છે, જેમાં નિષ્ફળ જવાથી કાયદામાં જ દર્શાવ્યા મુજબ ચોક્કસ પરિણામો ભોગવવા પડે છે.

૩૨. શેડ્યૂલ્ડ બેંક તરીકે બેંકિંગ વ્યવસાય કરતી સહકારી મંડળીને કોઈ વૈધાનિક અથવા જાહેર ફરજ બજાવતી સંસ્થા કે કંપની કહી શકાય નહીં. ખાનગી સંસ્થા અથવા વ્યક્તિ માત્ર ત્યારે જ રિટ અધિકારક્ષેત્રને આધીન બની શકે છે જ્યારે આવી સંસ્થા અથવા મંડળને કોઈપણ વૈધાનિક જવાબદારીઓ અથવા તેના પર હકારાત્મક જવાબદારી લાદતી જાહેર સ્વરૂપની આવી જવાબદારીઓ લાગુ કરવા માટે દબાણ કરવું જરૂરી બને.

૩૩. બેંકિંગની વ્યાપારી પ્રવૃત્તિ કરતી સહકારી બેંકના સંબંધમાં આવી શરતો પૂર્ણ થયેલી મને જણાતી નથી.

૩૪. રિટ અરજદાર તરફે ઉપસ્થિત વિદ્વાન વકીલ શ્રી શાહે અકાલકુન્નમ (ઉપર મુજબ) ના કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદા પર મજબૂત આધાર રાખ્યો હતો. હું એ હકિકતની નોંધ લઉં છું કે સદર કેસમાં, કેરળ કો–ઓપરેટિવ સોસાયટીઝ રૂલ્સના નિયમ ૧૮૨(૫) હેઠળ સરકાર અને રજિસ્ટ્રાર, કો–ઓપરેટિવ સોસાયટીઝ દ્વારા ગૌણ સ્ટાફની નિમણૂક માટે પરીક્ષા અને ઇન્ટરવ્યુ લઈને પસંદગી અંગેની માર્ગદર્શિકા અને પ્રક્રિયા નક્કી કરતા પરિપત્રો બહાર પાડવામાં આવ્યા હતા. વૈધાનિક પરિપત્રોના ઉલ્લંઘનમાં એટેન્ડર્સ/પટાવાળાની જગ્યા માટે પસંદગી પ્રક્રિયા અંગે સહકારી બેંક દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાને રિટ અરજી દ્વારા પડકારવામાં આવ્યું હતું. વડી અદાલતે બેંક દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામું રદ કર્યું હતું. આવા સંજોગોમાં બેંક સુપ્રીમ કોર્ટ સમક્ષ ગઈ હતી. સુપ્રીમ કોર્ટે એવો અભિપ્રાય લીધો હતો કે નિયમોના નિયમ ૧૮૨(૫) હેઠળ જારી કરાયેલા પરિપત્રો વૈધાનિક સ્વરૂપના હોવાથી અને વૈધાનિક બળ ધરાવતા હોવાથી, બેંકના જાહેરનામા સામેની રિટ અરજી પોષણક્ષમ હતી. બેંક દ્વારા કરવામાં આવતા જાહેર કાર્યો અથવા જાહેર ફરજો, જો કોઈ હોય, તે અંગે સુપ્રીમ કોર્ટના સદર ચુકાદામાં આગળ કોઈ ચર્ચા કરવામાં આવી નથી.

૩૫. ચાલો હું આયોનિક મેટાલિક્સ (ઉપર મુજબ) ના કેસમાં આ કોર્ટની ડિવિઝન બેન્ચના ચુકાદા પર પણ નજર નાખું, જેના પર આરબીઆઈ તરફે ઉપસ્થિત વિદ્વાન વરિષ્ઠ વકીલ તેમજ બેંક તરફે ઉપસ્થિત વિદ્વાન વકીલ દ્વારા ભારે આધાર રાખવામાં આવ્યો છે. ખાનગી બેંક સામે રિટ અરજીની પોષણક્ષમતા અંગે ડિવિઝન બેન્ચના સંબંધિત અવલોકનોનો હું સંદર્ભ આપી શકું છું.

> *"૧૫૪. સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૦૧૨૦/૨૦૧૪ ના અરજદારોને આપવામાં આવેલી કારણદર્શક નોટિસનો સંબંધ છે ત્યાં સુધી પણ આ જ પ્રશ્ન છે. જોકે, પ્રશ્ન એ છે કે, શું આપણે તેનું પરીક્ષણ કરી શકીએ અને સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકને યોગ્ય રિટ, હુકમ અથવા નિર્દેશ જારી કરી શકીએ, જે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૪ ના બીજા પરિશિષ્ટમાં દર્શાવેલ શેડ્યૂલ્ડ બેંક હોવા છતાં, એક ખાનગી બેંક છે. આવી સ્થિતિ હોવાથી, શું સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક ભારતના બંધારણની કલમ ૨૨૬ હેઠળ આ કોર્ટના રિટ અધિકારક્ષેત્રને આધીન રહેશે, તેવો પ્રશ્ન છે જેને આપણે ધ્યાનમાં લેવાની જરૂર છે.*
>
> *૧૫૫. અજય હસિયા વિ. ખાલિદ મુજીબ, એ.આઇ.આર. ૧૯૮૧ એસ.સી. ૪૮૭ ના કેસમાં સુપ્રીમ કોર્ટે કોઈ કંપની/સોસાયટી/કોર્પોરેશનને રાજ્ય સરકારની એજન્સી અથવા અંગ તરીકે ગણી શકાય કે નહીં તે નક્કી કરવા માટે કેટલીક સુસંગત કસોટીઓ નક્કી કરી હતી. આ કસોટીઓ નીચે મુજબ છે:--*

(૧) એક બાબત સ્પષ્ટ છે કે જો કોર્પોરેશનની સમગ્ર શેરમૂડી સરકાર પાસે હોય તો તે કોર્પોરેશન સરકારનું અંગ કે એજન્સી હોવાનું દર્શાવવા તરફ ઘણી આગળ વધશે.

(૨) જ્યાં રાજ્યની નાણાકીય સહાય એટલી બધી હોય કે જેથી કોર્પોરેશનનો લગભગ સમગ્ર ખર્ચ પૂરો થાય, તો તે કોર્પોરેશન સરકારી લાક્ષણિકતા ધરાવતું હોવાનો અમુક સંકેત આપશે.

(૩) કોર્પોરેશન રાજ્ય દ્વારા પ્રદત્ત અથવા રાજ્ય દ્વારા સંરક્ષિત એકાધિકારનો દરજ્જો ભોગવે છે કે કેમ તે પણ એક સુસંગત પરિબળ હોઈ શકે છે.

(૪) 'ગહન અને વ્યાપક રાજ્ય નિયંત્રણ' નું અસ્તિત્વ એ સંકેત આપી શકે છે કે કોર્પોરેશન એ રાજ્યની એજન્સી અથવા અંગ છે.

(૫) જો કોર્પોરેશનના કાર્યો જાહેર મહત્વના હોય અને સરકારી કાર્યો સાથે નજીકથી સંબંધિત હોય તો તે કોર્પોરેશનને સરકારના અંગ અથવા એજન્સી તરીકે વર્ગીકૃત કરવામાં સુસંગત પરિબળ રહેશે.

(૬) ખાસ કરીને, જો સરકારનો કોઈ વિભાગ કોઈ કોર્પોરેશનને ટ્રાન્સફર કરવામાં આવે, તો તે કોર્પોરેશન સરકારનું અંગ અથવા એજન્સી હોવાના આ અનુમાનને સમર્થન આપતું એક મજબૂત પરિબળ બનશે.

૧૫૬ આગળ વધતાં, સુપ્રીમ કોર્ટે ઠેરવ્યું કે કોર્પોરેશન કાયદા દ્વારા બનાવવામાં આવ્યું છે કે કાયદા હેઠળ બનાવવામાં આવ્યું છે તે મહત્વનું નથી. કસોટી એ છે કે શું તે સરકારનું અંગ કે એજન્સી છે અને તે કેવી રીતે બનાવવામાં આવ્યું હતું તે નહીં. સદર કેસમાં નામદાર ન્યાયાધીશોએ અવલોકન કર્યું કે સરકાર કુદરતી વ્યક્તિના અંગ અથવા એજન્સી દ્વારા કાર્ય કરી શકે છે અથવા તે તેના કાર્યો કરવા માટે કાનૂની વ્યક્તિના અંગ અથવા એજન્સીનો ઉપયોગ કરી શકે છે. કસોટી એ છે કે તેને રાજ્યની એજન્સી અને અંગ ગણવામાં આવશે. એ સાચું છે કે કોર્પોરેશન એ તેના પોતાના કોર્પોરેટ માળખા સાથેનું એક વિશિષ્ટ કાનૂની અસ્તિત્વ છે અને તે અસરકારક વ્યવસાય વ્યવસ્થાપનના દ્રષ્ટિકોણથી જરૂરી તેમજ ઉપયોગી એવી ચોક્કસ સ્વાયત્તતા સાથે વ્યાપારી સિદ્ધાંતો પર તેની કામગીરી ચલાવે છે પરંતુ કોર્પોરેટ બીબામાં ઢાળવામાં આવેલી ઔપચારિક માલિકી પાછળ, વાસ્તવિકતા ઘણી અંશે સરકારની ઊંડી વ્યાપક હાજરી છે, અને વાસ્તવમાં તે સરકાર છે જે કોર્પોરેશન અથવા કાનૂની વ્યક્તિના અંગ અથવા એજન્સી દ્વારા કાર્ય કરે છે. જો સરકારનું અંગ અને એજન્સી સરકારી કાર્યો બજાવે છે તો તે કાયદાની નજરમાં એક અલગ અને સ્વતંત્ર કાનૂની એન્ટિટી હોવા છતાં બંધારણીય કાયદાના ક્ષેત્રમાં સરકાર જેવી જ મર્યાદાઓને આધીન હોવી જોઈએ. અજય હસિયાના કેસમાં (ઉપર મુજબ), સુપ્રીમ કોર્ટ નાગરિકોના મૂળભૂત અધિકારોનું સન્માન કરવા માટે સરકારના અંગો અને એજન્સીઓની જવાબદારીઓ પર વિચાર કરી રહી હતી અને તેઓ ભારતના બંધારણના ભાગ ૩ હેઠળ ભારતના નાગરિકોને ખાતરી આપવામાં આવેલા મૂળભૂત અધિકારોનો અમલ કરવા બંધાયેલા હોવાનું ઠેરવવામાં આવ્યું હતું. જો આ બંધન ન હોત, તો સુપ્રીમ કોર્ટના મતે મૂળભૂત અધિકારો

નિરર્થક સ્વપ્ન અથવા અવાસ્તવિકતાના વચનમાં ફેરવાઈ ગયા હોત. કારણ કે લોકશાહી સમાજવાદી જાહેર સરકારના બંધારણીય દર્શનમાં સરકારને અનેક સામાજિક–આર્થિક કામગીરી હાથ ધરવાની હોય છે અને સરકારે કોર્પોરેશનના કાનૂની માધ્યમ દ્વારા કાર્ય કરવાના વ્યવહારુ ફાયદાઓને ધ્યાનમાં રાખીને અંગો અથવા એજન્સીઓની રચના કરવાનો આશરો લીધો છે જે સરકારને ખુદ નાગરિકોના મૂળભૂત અધિકારોનું પાલન કરવામાંથી મુક્તિ આપશે નહીં. મૂળભૂત અધિકારોના અમલીકરણના સંદર્ભમાં, સુપ્રીમ કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે ન્યાયિક અર્થઘટનની પ્રક્રિયા દ્વારા મૂળભૂત અધિકારોને નિરર્થક અને અર્થહીન બનાવી શકાય નહીં. કારણ કે સર્વોચ્ચ અદાલતના મતે, તે મૂળભૂત અધિકારો જ છે જે નિર્દેશક સિદ્ધાંતો સાથે ભારતના બંધારણનું જીવનબળ બનાવે છે અને અર્થપૂર્ણ અને હેતુપૂર્ણ અર્થઘટન દ્વારા તેમને અસરકારક પગલાંમાં મૂકવા જોઈએ. તેથી, એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે જો કોઈ કોર્પોરેશન અથવા કંપની સરકારનું અંગ અથવા એજન્સી હોય, તો તેને બંધારણની કલમ ૧૨ ના અર્થમાં એક સત્તામંડળ ગણવું જોઈએ અને સરકારની જેમ જ મૂળભૂત અધિકારોનું પાલન કરવાની મૂળભૂત જવાબદારીને આધીન હોવું જોઈએ.

૧૫૭. હાથ પરના કેસની હકિકતો પર કસોટી નં. ૧ અને ૨ લાગુ કરતાં, બેંકની શેરમૂડી કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર પાસે છે, અથવા બેંક નાણાકીય સહાય માટે સરકાર પર નિર્ભર છે તેવું દૂરથી પણ દર્શાવવા માટે કોઈ પુરાવા રેકોર્ડ પર મૂકવામાં આવ્યા નથી. સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક રાજ્ય દ્વારા આપવામાં આવેલ કોઈપણ એકાધિકારનો દરજ્જો ભોગવે છે તેવું દૂરથી પણ સૂચવવા માટે કંઈ

નથી. ચોથી કસોટીના સંબંધમાં, ગહન અને વ્યાપક રાજ્ય નિયંત્રણનું અસ્તિત્વ દર્શાવવા માટે કંઈ નથી. એટલું જ કહી શકાય કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના નિર્દેશો બેંક પર બંધનકર્તા છે. પાંચમી કસોટીના સંબંધમાં, જોકે અરજદારો તરફે ઉપસ્થિત વિદ્વાન વકીલ શ્રી શેલત દ્વારા ખૂબ જ ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી છે કે બેંકના કાર્યો જાહેર મહત્વના છે અને વધુમાં બેંક સરકારી કાર્ય સમાન એવું જાહેર કાર્ય બજાવી રહી છે તેમ કહી શકાય, છતાં ફેડરલ બેંક લિમિટેડ વિ. સાગર થોમસ અને અન્ય, (૨૦૦૩) ૧૦ એસ.સી.સી. ૭૩૩ ના કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાને ધ્યાનમાં રાખીને આ દલીલ મહત્વહીન બની જાય છે. અમે ફેડરલ બેંક લિમિટેડ (ઉપર મુજબ) ના કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાની થોડી વાર પછી ચર્ચા કરીશું.

૧૫૮ જાહેર મહત્વના કોર્પોરેશનના કાર્યો પર આધારિત કસોટી સાથે વ્યવહાર કરતી વખતે, સુપ્રીમ કોર્ટે રમણ દયારામ શેટ્ટીના કેસમાં, એ.આઈ.આર. ૧૯૭૯ એસ.સી. ૧૬૨૮, ઈ.એસ. ઈવાન્સ વિ. ચાર્લ્સ ઈ. ન્યુટન, (૧૯૬૬) ૩૮૨ યુએસ ૨૯૬ અને સ્મિથ વિ. ઓલરાઈટ, (૧૯૪૩) ૩૨ યુએસ ૬૪૯ નો સંદર્ભ આપ્યો હતો, અને અવલોકન કર્યું કે ચુકાદાઓ દર્શાવે છે કે કાર્યના જાહેર અથવા સરકારી સ્વરૂપની કસોટી લાગુ કરવી સરળ નથી અને તે હંમેશા સાચા અનુમાન તરફ દોરી જતી નથી કારણ કે સરકારી પ્રવૃત્તિનો વ્યાપ વિશાળ અને વૈવિધ્યસભર છે અને માત્ર એટલા માટે કે કોઈ પ્રવૃત્તિ એવી હોઈ શકે કે જે સરકાર દ્વારા કાયદેસર રીતે હાથ ધરવામાં આવી શકે, તેનો અર્થ એ નથી કે કોર્પોરેશન જે અન્યથા એક ખાનગી સંસ્થા છે, આવી પ્રવૃત્તિ હાથ ધરવાના કારણે તે સરકારનું અંગ અથવા એજન્સી બની જશે.

તેથી, કસોટી લાગુ કરવામાં વધુ સાવચેતી રાખવાની છે અને એ જોવાનું છે કે શું કાર્યનું જાહેર સ્વરૂપ સરકારી લાક્ષણિકતાથી ભરેલું છે અથવા સરકાર સાથે જોડાયેલું કે ગૂંથાયેલું છે અથવા અન્ય કોઈ વધારાના પરિબળ દ્વારા મજબૂત થયેલું છે (પાના ૬૪૧ પર પેરા ૧૮ કૉલમ ૨ માં અવલોકનો જુઓ). તેથી, અમારા મતે, પાંચમી કસોટી પણ સંતોષાતી નથી.

૧૫૯. આમ, અજય હસિયા (ઉપર મુજબ) ના કેસમાં સુપ્રીમ કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલી કસોટીઓનો સંબંધ છે ત્યાં સુધી, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક, જે એક ખાનગી બેંક છે, તેને આ કોર્ટના રિટ અધિકારક્ષેત્રને આધીન બનાવવા માટે કોઈપણ કસોટી પૂર્ણ થતી હોવાનું કહી શકાય નહીં.

૧૬૦. પ્રદીપ કુમાર બિસ્વાસ વિ. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ બાયોલોજી અને અન્ય, (૨૦૦૨) ૫ એસ.સી.સી. ૧૧૧ માં, સુપ્રીમ કોર્ટે ભારતના બંધારણની કલમ ૧૨ અંગેના મુદ્દા પર વિગતવાર વિચાર કર્યો હતો. અમે સુપ્રીમ કોર્ટના નીચેના અવલોકનો ટાંકીએ છીએ:

'સત્તામંડળ' શું છે અને 'અન્ય સત્તામંડળો' માં ક્યારે સમાવેશ કરી શકાય, સંદર્ભ: કલમ ૧૨

અમે આ ચુકાદાના અગાઉના ભાગમાં, 'સત્તામંડળ' ના શબ્દકોશના અર્થનો સંદર્ભ લીધો છે, જે ઘણીવાર બહુવચનમાં વપરાય છે, જેમ કે કલમ ૧૨ માં એટલે કે 'અન્ય સત્તામંડળો'.

બંધારણની કલમ ૧૨ માં વપરાયેલ શબ્દને શું અર્થ આપવો તે શોધવાનો હવે સમય છે.

બંધારણની કલમ ૧૩(૨) નો સંદર્ભ યોગ્ય છે. તે જોગવાઈ કરે છે--

> "૧૩(૨). રાજ્ય એવો કોઈ કાયદો બનાવશે નહીં જે આ ભાગ દ્વારા આપવામાં આવેલા અધિકારોને છીનવી લે અથવા ઘટાડે અને આ કલમના ઉલ્લંઘનમાં બનાવવામાં આવેલ કોઈપણ કાયદો, ઉલ્લંઘનની હદ સુધી, રદબાતલ રહેશે."

કલમ ૧૩ ની કલમ (૩) 'કાયદો' ને ભારતના પ્રદેશમાં કાયદાનું બળ ધરાવતા કોઈપણ વટહુકમ, હુકમ, પેટા-નિયમ, નિયમ, નિયમન, જાહેરનામું, રૂઢિ અથવા પ્રથાઓનો સમાવેશ કરતા તરીકે વ્યાખ્યાયિત કરે છે. અમે બંધારણ સભામાં ડૉ. બી.આર. આંબેડકરના ભાષણનો પણ સંદર્ભ લીધો છે જેમાં કલમ ૧૨ દ્વારા પ્રાપ્ત કરવા માંગતા હેતુને સમજાવવામાં આવ્યો છે. આરએસઈબી ના કેસમાં, બહુમતીએ એવી કસોટી સ્વીકારી હતી કે વૈધાનિક સત્તામંડળ "અન્ય સત્તામંડળો' ના અર્થમાં આવશે જો તેને પક્ષકારોને બંધનકર્તા નિર્દેશો જારી કરવાની વૈધાનિક સત્તા સોંપવામાં આવી હોય, જેની અવજ્ઞા દંડાત્મક પરિણામો લાવશે અથવા તેની પાસે કાયદાનું બળ ધરાવતા નિયમો અને નિયમનો બનાવવાની સાર્વભૌમ સત્તા હોય".

સુખદેવ સિંહના કેસમાં, એ.એન. રે, સીજે સમક્ષ ઓએનજીસી, એલઆઈસી અને આઈએફસી ને સત્તામંડળ અને તેથી 'રાજ્ય' તરીકે ગણવા માટે જે મુખ્ય કારણ પ્રવર્તતું હતું તે એ હતું કે તેમના દ્વારા ઘડવામાં આવેલા નિયમો અને નિયમનો કાયદાનું બળ ધરાવે છે. સુખદેવ સિંહના કેસમાં, મેથ્યુ જે. એ ઠેરવ્યું હતું કે આરએસઈબી ના કેસમાં નિર્ધારિત કસોટી ઓએનજીસી ના સંબંધમાં સંતોષાય છે પરંતુ એલઆઈસી અને આઈએફસી ના કિસ્સામાં તે સંતોષાતી નથી અને તેથી, તેમણે આરએસઈબી ના કેસમાં નિર્ધારિત કસોટીઓની યાદીમાં ઉમેરો કર્યો હતો, એવું અવલોકન કરીને કે જોકે એલઆઈસી અને આઈએફસી ના સંદર્ભમાં ત્રીજા પક્ષકારોને બંધનકર્તા નિર્દેશો જારી કરવા માટે કોઈ વૈધાનિક જોગવાઈઓ નથી, જેની અવજ્ઞા દંડાત્મક પરિણામો લાવશે, છતાં આ કોર્પોરેશનો (૧) કાયદા હેઠળ સ્થાપિત, (૨) જાહેર મહત્વનો વ્યવસાય ચલાવવા માટે અથવા જે લોકોના જીવન માટે મૂળભૂત છે તેને કલમ ૧૨ ના અર્થમાં રાજ્ય ગણી શકાય. આમ, તે કાર્યાત્મક કસોટી છે જે મેથ્યુ જે. દ્વારા ઘડવામાં આવી હતી અને તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને ત્યાં તેમણે કહ્યું હતું કે,

> "વિચારણા માટેનો પ્રશ્ન એ છે કે શું દેશના હિતમાં ચલાવવો જરૂરી હોવાનું સંસદ માને છે તેવો વ્યવસાય અથવા સેવા ચલાવવા માટે વિશેષ કાયદા હેઠળ સ્થાપિત જાહેર નિગમ એ રાજ્યની એજન્સી અથવા અંગ છે અને બંધારણની કલમ ૧૩(૨) માં વ્યક્ત કરેલી મર્યાદાઓને આધીન રહેશે. રાજ્ય એક અમૂર્ત સંસ્થા છે. તે માત્ર કુદરતી અથવા કાનૂની

> વ્યક્તિઓના અંગ અથવા એજન્સી દ્વારા કાર્ય કરી શકે છે. તેથી, રાજ્ય કોર્પોરેશન દ્વારા કાર્ય કરે અને તેને રાજ્યની એજન્સી અથવા અંગ બનાવે તે ધારણામાં કંઈ વિચિત્ર નથી".

એ નોંધવું સુસંગત છે કે રાજ્યે તેના પોતાના કાર્યો કોઈ અંગ અથવા એજન્સીને સોંપવાનું પસંદ કર્યું હોવાના કારણે કાર્યાત્મક કસોટીઓ જરૂરી બની હતી, જેની ગેરહાજરીમાં તે કાર્ય તેના જાહેર મહત્વ અને લોકોના જીવન માટે મૂળભૂત હોવાના કારણે રાજ્યની પ્રવૃત્તિ હોત.

બંધારણની કલમ ૧૨ ના વિસ્તરણ પાછળનું દર્શન જેથી તેના દાયરામાં એવી સંસ્થાઓનો સમાવેશ થાય કે જે અન્યથા બંધારણની કલમ ૧૨ ના અર્થમાં રાજ્ય ન હોત, તે પ્રખ્યાત ન્યાયશાસ્ત્રી એચ.એમ. સીરવાઈએ કોન્સ્ટીટ્યુશનલ લૉ ઓફ ઈન્ડિયા (સિલ્વર જ્યુબિલી આવૃત્તિ, ભાગ ૧) માં દર્શાવ્યું છે.

> ""બંધારણનું એવું અર્થઘટન થવું જોઈએ કે શાસન સત્તા, પછી ભલે તે ગમે ત્યાં સ્થિત હોય, મૂળભૂત બંધારણીય મર્યાદાઓને આધીન હોવી જોઈએ. કલમ ૧૩(૨) હેઠળ ચોક્કસ પ્રકારની રાજ્ય કાર્યવાહી પર પ્રતિબંધ છે. વ્યક્તિગત અધિકારો પર વ્યક્તિગત આક્રમણ સામાન્ય રીતે કહીએ તો કલમ ૧૩(૨) હેઠળ આવરી લેવામાં આવતું નથી. કારણ કે, જોકે કલમ ૧૭, ૨૩ અને ૨૪ દર્શાવે છે કે

મૂળભૂત અધિકારોનું ખાનગી વ્યક્તિઓ દ્વારા ઉલ્લંઘન થઈ શકે છે અને તેમની સામે કલમ ૩૨ હેઠળ દાદ ઉપલબ્ધ થશે, તેમ છતાં, મોટાભાગે, કલમ ૧૩(૨) રાજ્યની કાર્યવાહી સામે નિર્દેશિત છે. જાહેર નિગમ રાજ્યનું સર્જન હોવાથી, તે રાજ્યની જેમ જ બંધારણીય મર્યાદાઓને આધીન છે. બે શરતો જરૂરી છે, એટલે કે, કોર્પોરેશન રાજ્ય દ્વારા બનાવવામાં આવ્યું હોવું જોઈએ અને તેણે વ્યક્તિઓના બંધારણીય અધિકારો પર આક્રમણ કરવું જોઈએ" (પેરા ૭.૫૪). "મેથ્યુ જે. દ્વારા વિકસાવવામાં આવેલી તર્કની લાઇન સરકારી નિયંત્રણ જાળવી રાખીને, સરકારી વિભાગોમાં થતા કામને વૈધાનિક કોર્પોરેશનોમાં સ્થાનાંતરિત કરીને મૂળભૂત અધિકારોની મોટા પાયે ચોરી અટકાવે છે. ભારતમાં કંપની કાયદો અમુક કેસોમાં કોર્પોરેટ પડદો હટાવવાની અને વાસ્તવિક કાનૂની વ્યક્તિત્વ પાછળ જોવાની મંજૂરી આપે છે. પરંતુ મેથ્યુ જે. એ એક અલગ રસ્તો અપનાવીને સમાન પરિણામ પ્રાપ્ત કર્યું, એટલે કે, કલમ ૧૩(૨) ની અસરોને બહાર લાવીને" (પેરા ૭.૫૭ એ જ).

રાજ્યનું અંગ અથવા એજન્સી શબ્દો બંધારણની કલમ ૧૨ માં ઉલ્લેખિત જોવા મળતા નથી. તેમ છતાં તેઓ બંધારણની કલમ ૧૨ ના દાયરામાં આવે છે તે સાદા કારણોસર કે જો રાજ્ય કોઈ અંગ અથવા એજન્સીની સ્થાપના કરવાનું પસંદ કરે છે અને તેને સમાન સત્તા, કાર્ય અથવા કાર્યવાહી સોંપે છે જે અન્યથા તે પોતે ઉપયોગમાં લેત અથવા હાથ ધરત, તો આવું અંગ અથવા એજન્સી રાજ્યની જેમ જ બંધારણીય અને જાહેર કાયદાની મર્યાદાઓને

આધીન શા માટે ન હોવી જોઈએ તેનું કોઈ કારણ નથી. વિવિધ ન્યાયિક ચુકાદાઓમાં, જે પૈકીના કેટલાકની અમે સમીક્ષા કરી છે, કાનૂની અસ્તિત્વ ધરાવતી કોઈપણ કંપની, કોર્પોરેશન, સોસાયટી અથવા અન્ય કોઈપણ એન્ટિટીને જો તે રાજ્યનું અંગ અથવા એજન્સી માનવામાં આવી હોય, તો તે માત્ર રાજ્યનું અલ્ટર ઈગો (બીજું સ્વરૂપ), ડબલ અથવા પ્રોક્સી અથવા અંગ અથવા સંતાન અથવા લઘુ-અવતાર અથવા પ્રતિનિધિ સર્જન અથવા સરોગેટ વગેરે કોઈપણ નામથી ઓળખાતું હોય તેવું જણાયા પછી જ માનવામાં આવ્યું છે. ટૂંકમાં, ઉપલબ્ધ સાધન સામગ્રી એવી સંસ્થાને માત્ર કાયદેસર રીતે અને બાહ્ય રીતે પહેરેલો માસ્ક અથવા પડદો ધારણ કરેલી હોવાનું ઠેરવવા માટે વાજબી હોવી જોઈએ, જેને હટાવવાથી વેશપલટો કરેલા રાજ્યનું સાચું સ્વરૂપ ભૂંસી શકાતું નથી. તો તે રાજ્યનું એક અંગ અથવા એજન્સી છે.

રાજ્યના 'અંગ અથવા એજન્સી' અને 'અન્ય સત્તામંડળો' વચ્ચેનો આ મૂળભૂત અને આવશ્યક તફાવત છે જેને ધ્યાનમાં રાખવો પડશે. કલમ ૧૨ હેઠળ 'અન્ય સત્તામંડળો' શબ્દપ્રયોગના અર્થમાં આવવા માટે સત્તામંડળ પોતાની રીતે (સુઈ જેનરિસ) એક સત્તામંડળ હોવું જોઈએ. કાનૂની એન્ટિટી, સત્તામંડળ હોવા છતાં, રાજ્યનું અંગ અથવા એજન્સી હોવાની કસોટી પણ સંતોષી શકે છે જે સંજોગોમાં આવા સત્તામંડળને રાજ્યનું અંગ અથવા એજન્સી ગણી શકાય પરંતુ તેનાથી ઊલટું નહીં.

અમે અમારા તારણો નીચે મુજબ સારાંશિત કરીએ છીએ:-

(૧) કાનૂની એન્ટિટીને માત્ર રાજ્યનું અંગ અથવા એજન્સી ગણવાથી તે આપોઆપ કલમ ૧૨ માં 'અન્ય સત્તામંડળો' ના અર્થમાં એક સત્તામંડળ બની જતી નથી. સત્તામંડળ બનવા માટે, તે સંસ્થા કાયદા દ્વારા અથવા કાયદા હેઠળ રચાયેલી હોવી જોઈએ અને જનતા પ્રત્યે જવાબદારી અને જવાબદારીઓ સાથે કાર્ય કરતી હોવી જોઈએ. વધુમાં, સંસ્થા બનાવતા કાયદાએ તે સંસ્થાને કાયદો બનાવવાની અથવા અન્ય લોકો સાથેના તેના સંબંધો અથવા અન્ય લોકોની બાબતો, તેમના અધિકારો, ફરજો, જવાબદારીઓ અથવા અન્ય કાનૂની સંબંધોને સંચાલિત કરતા કલમ ૧૩(૨) ના અર્થમાં કાયદા સમાન બંધનકર્તા નિર્દેશો જારી કરવાની સત્તા આપી હોવી જોઈએ. જો કાયદા હેઠળ બનાવવામાં આવેલ હોય, તો સંસ્થાને આવી સત્તાઓ આપતો અન્ય કોઈ કાયદો હોવો જોઈએ. બંને કિસ્સાઓમાં, તેને એવા કાર્યો સોંપવામાં આવ્યા હોવા જોઈએ જે સરકારી હોય અથવા જાહેર મહત્વના હોવાને કારણે અથવા લોકોના જીવન માટે મૂળભૂત હોવાને કારણે અને તેથી સરકારી હોવાને કારણે તેની સાથે નજીકથી સંકળાયેલા હોય. આવું સત્તામંડળ રાજ્ય હશે, કારણ કે, જે રાજ્યની સત્તાઓ અથવા વિશેષાધિકારો ભોગવે છે તેણે રાજ્યની મર્યાદાઓ અને જવાબદારીઓને પણ આધીન રહેવું જોઈએ. આ મજબૂત વૈધાનિક સ્વાદ અને બંધારણીય અથવા વૈધાનિક સત્તાના સ્પષ્ટ સંકેતો, અને લોકોના મૂળભૂત અધિકારોને નુકસાન પહોંચાડવા માટે કાર્ય કરવાની તેની ક્ષમતા અથવા સક્ષમતા છે, જે તેને સત્તામંડળ બનાવે છે; જોકે આપેલ કેસમાં, હકિકતો અને સંજોગોના આધારે, કોઈ સત્તામંડળ રાજ્યનું અંગ અથવા એજન્સી પણ હોઈ શકે છે અને તે હદ સુધી તેઓ એકબીજાને આચ્છાદિત કરી શકે છે. અજય હસિયા માં કસોટીઓ ૧, ૨ અને ૪ સરકારી માલિકી અથવા

નિયંત્રણ નક્કી કરવા સક્ષમ બનાવે છે. કસોટીઓ ૩, ૫ અને ૬ 'કાર્યાત્મક' કસોટીઓ છે. કસોટીઓ રજૂ કરનારે પોતે તે કસોટીઓની સુસંગતતા સૂચવતા શબ્દોનો ઉપયોગ એ શોધવા માટે કર્યો હતો કે કોઈ સંસ્થા રાજ્યનું અંગ કે એજન્સી છે કે નહીં. કમનસીબે તે પછી કોઈ સત્તામંડળ રાજ્ય છે કે નહીં તેની ચકાસણી માટે આ કસોટીઓ સુસંગત માનવામાં આવી હતી અને આ ભૂલ રાજ્યના 'અંગ અને એજન્સી' અને 'સત્તામંડળ' વચ્ચેના તફાવતને અજાણતા અને વિચાર્યા વિના અવગણવાને કારણે થઈ છે. અમારા મતે, અને 'સત્તામંડળ' જે અર્થ ધરાવે છે તેને ધ્યાનમાં રાખીને, કોઈ સંસ્થા 'સત્તામંડળ' છે કે નહીં તે પ્રશ્નનો જવાબ અજય હસિયા કસોટીઓ લાગુ કરીને આપી શકાતો નથી.

(૨) અજય હસિયાના કેસમાં નિર્ધારિત કસોટીઓ કોઈ સંસ્થા રાજ્યનું અંગ અથવા એજન્સી છે કે નહીં તે નક્કી કરવાના હેતુ માટે સુસંગત છે. તમામ કસોટીઓનો હકારાત્મક જવાબ આપવો જરૂરી નથી કે એક કે બે કસોટીઓનો હકારાત્મક જવાબ પૂરતો નથી. જો જરૂર પડે તો સંબંધિત સંસ્થાનો વેશપલટો કરતો માસ્ક હટાવીને અથવા પડદો તોડીને, શાસન સત્તાના વાસ્તવિક સ્ત્રોતને ઓળખવામાં આવા પરિબળોની આવશ્યકતા અને જબરજસ્ત પ્રકૃતિના આધારે તે એક અથવા વધુ સુસંગત પરિબળોના સંયોજન પર નિર્ભર રહેશે. જ્યારે કોઈ સંસ્થા સ્વતંત્ર કાનૂની અસ્તિત્વ ધરાવે છે, ત્યારે તેને રાજ્ય તરીકે ગણવામાં આવે તે પહેલાં, આવો દાવો કરનાર વ્યક્તિએ સરકારની છાયા જેવી હાજરી અથવા સરકારનું ઊંડું અને વ્યાપક નિયંત્રણ કોર્ટ સમક્ષ સાબિત કરવું પડશે જેથી તેને રાજ્યનું અંગ અથવા એજન્સી ગણી શકાય.

(ભારપૂર્વક જણાવેલ છે)"

૧૬૧. જાત્યપાલ સિંહ અને અન્ય વિ. યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય, (૨૦૧૩) ૬ એસ.સી.સી. ૪૫૨ માં, સર્વોચ્ચ અદાલતે કોઈ સંસ્થા ભારતના બંધારણની કલમ ૧૨ હેઠળ રાજ્યની વ્યાખ્યામાં આવે છે કે કેમ તે વિચારવા માટેની કસોટીઓનો પુનરોચ્ચાર કર્યો હતો.

૧૬૨. રમણ દયારામ શેટ્ટી વિ. ઈન્ટરનેશનલ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, (૧૯૭૯) ૩ એસ.સી.સી. ૪૮૯ માં જણાવ્યા મુજબ, કોર્પોરેશન સરકારનું અંગ કે એજન્સી ક્યારે ગણાશે તે નક્કી કરવા માટે રજૂ કરાયેલી કસોટીઓ નીચે મુજબ સંક્ષિપ્ત કરવામાં આવી હતી:

"(૧) એક બાબત સ્પષ્ટ છે કે જો કોર્પોરેશનની સમગ્ર શેરમૂડી સરકાર પાસે હોય, તો તે કોર્પોરેશન સરકારનું અંગ કે એજન્સી હોવાનું દર્શાવવા તરફ ઘણી આગળ વધશે.

(૨) જ્યાં રાજ્યની નાણાકીય સહાય એટલી બધી હોય કે જેથી કોર્પોરેશનનો લગભગ સમગ્ર ખર્ચ પૂરો થાય, તો તે કોર્પોરેશન સરકારી લાક્ષણિકતાથી ભરેલું હોવાનો અમુક સંકેત આપશે.

(૩) કોર્પોરેશન રાજ્ય દ્વારા પ્રદત્ત અથવા રાજ્ય દ્વારા સંરક્ષિત એકાધિકારનો દરજ્જો ભોગવે છે કે કેમ તે પણ એક સુસંગત પરિબળ હોઈ શકે છે.

*(૪) ગહન અને વ્યાપક રાજ્ય નિયંત્રણનું અસ્તિત્વ એ સંકેત આપી શકે છે કે કોર્પોરેશન એ રાજ્યની એજન્સી અથવા અંગ છે.*

*(૫) જો કોર્પોરેશનના કાર્યો જાહેર મહત્વના હોય અને સરકારી કાર્યો સાથે નજીકથી સંકળાયેલા હોય, તો તે કોર્પોરેશનને સરકારના અંગ અથવા એજન્સી તરીકે વર્ગીકૃત કરવામાં સુસંગત પરિબળ રહેશે.*

*(૬) ખાસ કરીને, જો સરકારનો કોઈ વિભાગ કોઈ કોર્પોરેશનને તબદીલ કરવામાં આવે, તો તે કોર્પોરેશન સરકારનું અંગ અથવા એજન્સી હોવાના આ અનુમાનને સમર્થન આપતું એક મજબૂત પરિબળ બનશે."*

*૧૬૩. રમણ દયારામ શેટ્ટી (ઉપર મુજબ) માં ઉપરોક્ત તારણનું સુપ્રીમ કોર્ટ દ્વારા સતત પાલન કરવામાં આવ્યું છે, જે બિસ્વાસ (ઉપર મુજબ) ના ચુકાદાના ફકરા ૩૧ પરથી સ્પષ્ટ થાય છે. ફકરો ૩૧ નીચે મુજબ વંચાય છે:*

*"૩૧. રમણ માં નિર્ધારિત કલમ ૧૨ માં 'રાજ્ય' ની વ્યાખ્યામાં કોઈ સંસ્થા આવે છે કે કેમ તે નક્કી કરવા માટેની કસોટીઓ, અજય હસિયા માં બંધારણીય બેન્ચની મંજૂરી સાથે, આ વિષય પર ન્યાયિક રીતે ઘડવામાં આવેલા અનુગામી ન્યાયશાસ્ત્રીય સુપરસ્ટ્રક્ચરનો મુખ્ય આધારસ્તંભ બનાવે છે, જે ટાંકવામાં આવેલા સત્તાવાર ચુકાદાઓની કાલક્રમિક વિચારણા પરથી સ્પષ્ટ થાય છે."*

૧૬૪. ચુકાદાના અનુગામી ફકરાઓમાં કલમ ૧૨ માં આપ્યા મુજબ, કોઈ ચોક્કસ એન્ટિટી અન્ય સત્તામંડળની વ્યાખ્યામાં આવે છે કે કેમ તે નક્કી કરવા માટેની સીમારેખાઓને વધુ વ્યાખ્યાયિત કરવાના પ્રયાસો નોંધવામાં આવ્યા છે. બંધારણીય બેન્ચના આખરી તારણો ફકરા ૩૯ અને ૪૦ માં નીચે મુજબ નોંધાયેલા છે:--

"૩૯. ન્યાયિક એરણ પર તાજો જ ચુકાદો મૈસૂર પેપર મિલ્સ લિમિટેડ વિ. મૈસૂર પેપર મિલ્સ ઓફિસર્સ એસોસિએશન, (૨૦૦૨) ૨ એસ.સી.સી. ૧૬૭ નો છે, જે ૧૯૬૭ માં રાજસ્થાન ઇલેક્ટ્રિસિટી બોર્ડના નિર્ણયથી શરૂ કરીને વર્તમાન સમય સુધીના વિચારના સાતત્ય તરીકે આપણે જે જોયું છે તેનું યોગ્ય રીતે પ્રતિનિધિત્વ કરે છે. તેમાં ઠેરવવામાં આવ્યું હતું કે સરકાર દ્વારા મોટા પાયે નાણાં પૂરા પાડવામાં આવતી અને નાણાકીય રીતે નિયંત્રિત, સરકારના કહેવાથી નિયુક્ત અને દૂર કરી શકાય તેવા ડિરેક્ટર મંડળ દ્વારા સંચાલિત અને સરકારના નિયંત્રણ હેઠળ જાહેર હિતના મહત્વપૂર્ણ કાર્યો કરતી કંપની કલમ ૧૨ ના અર્થમાં 'એક સત્તામંડળ' છે.

૪૦. આખરે જે ચિત્ર ઉભરી આવે છે તે એ છે કે અજય હસિયા માં ઘડવામાં આવેલી કસોટીઓ સિદ્ધાંતોનો કોઈ જડ સમૂહ નથી કે જેથી જો કોઈ સંસ્થા તે પૈકીના કોઈપણ એકમાં આવી જાય તો તેણે, કલ્પના મુજબ, કલમ ૧૨ ના અર્થમાં રાજ્ય ગણવું જ જોઈએ. દરેક કેસમાં પ્રશ્ન એ રહેશે કે, શું સ્થાપિત સંયુક્ત હકિકતોના પ્રકાશમાં, સંસ્થા નાણાકીય, કાર્યાત્મક અને વહીવટી રીતે સરકાર દ્વારા પ્રભાવિત છે અથવા તેના નિયંત્રણ હેઠળ છે.

આવું નિયંત્રણ પ્રશ્ન હેઠળની સંસ્થા માટે ચોક્કસ હોવું જોઈએ અને વ્યાપક હોવું જોઈએ. જો આ જણાય તો સંસ્થા કલમ ૧૨ હેઠળ રાજ્ય છે. બીજી બાજુ, જ્યારે નિયંત્રણ માત્ર નિયમનકારી હોય, પછી ભલે તે કાયદા હેઠળ હોય કે અન્યથા, તે સંસ્થાને રાજ્ય બનાવવામાં ઉપયોગી થશે નહીં."

૧૬૫. અમારા મતે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૪ હેઠળની શેડ્યૂલ્ડ બેંકો પૈકીની એક તરીકે સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકના કાર્યોને સરકારી અથવા આવશ્યક જાહેર મહત્વના અથવા સરકારી કાર્યો સાથે નજીકથી સંકળાયેલા અથવા લોકોના જીવન માટે મૂળભૂત અને સામાન્ય જનતા પ્રત્યેની ફરજો અને જવાબદારીઓ તરીકે ગણી શકાય નહીં. રાજ્ય દ્વારા કોઈપણ યોગદાન અથવા શેરહોલ્ડિંગ વિના પોતાના ભંડોળ એકત્ર કરવા માટે બેંક પાસે પોતાના સંસાધનો છે. એ વાત નિર્વિવાદ છે કે તેનું પોતાનું ડિરેક્ટર મંડળ છે. તે બેંકિંગ વ્યવસાયમાં અન્ય કોઈપણ ખાનગી કંપનીની જેમ કાર્ય કરે છે.

૧૬૬. ઉપરોક્ત સંદર્ભમાં, ફેડરલ બેંક લિમિટેડ વિ. સાગર થોમસ અને અન્ય, (૨૦૦૩) ૧૦ એસ.સી.સી. ૭૩૩ ના કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદા પર નજર નાખવી અમારા માટે લાભદાયી રહેશે. સદર કેસમાં, સામાવાળા નં. ૧ ફેડરલ બેંકમાં બ્રાન્ચ મેનેજર તરીકે કામ કરતા હતા. ગેરવર્તણૂકના કેટલાક આરોપો અંગે શિસ્તભંગની તપાસનો આદેશ આપવામાં આવ્યો હોવાથી તેમને ૨૯ મે ૧૯૮૨ ના રોજ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તપાસ અધિકારીએ તેમને આરોપોમાં દોષિત ઠેરવ્યા અને આખરે બરતરફીની સજા ફટકારી. સામાવાળા નં. ૧ એ હાઇકોર્ટમાં રિટ અરજી દાખલ કરીને પોતાની

બરતરફીને પડકારી હતી. અપીલકર્તા બેંક દ્વારા રિટ અરજીની પોષણક્ષમતા સામે પ્રાથમિક વાંધો ઉઠાવવામાં આવ્યો હતો, એમ કહીને કે તે એક ખાનગી બેંક છે અને ભારતના બંધારણની કલમ ૧૨ ના અર્થમાં રાજ્ય અથવા તેની એજન્સી કે અંગ નથી. જોકે, હાઈકોર્ટના વિદ્વાન સિંગલ જજે શોધી કાઢ્યું કે ફેડરલ બેંક જાહેર ફરજ બજાવતી હતી, અને તેથી, તે કલમ ૧૨ ના અર્થમાં 'અન્ય સત્તામંડળ' ની વ્યાખ્યા હેઠળ આવરી લેવામાં આવશે, અને તેથી, રિટ અરજી પોષણક્ષમ હતી. વિદ્વાન સિંગલ જજ દ્વારા પસાર કરવામાં આવેલ હુકમ સામે અપીલ દાખલ કરવામાં આવી હતી અને અપીલ પણ ફગાવી દેવામાં આવી હતી. ફેડરલ બેંકે અપીલ ફગાવી દેતા હાઈકોર્ટના હુકમને સુપ્રીમ કોર્ટ સમક્ષ પડકાર્યો હતો. અપીલ પર સુપ્રીમ કોર્ટ સમક્ષ વિચારણા માટે આવેલો પ્રશ્ન એ હતો કે શું અપીલકર્તા બેંક ખાનગી સંસ્થા હતી કે ભારતના બંધારણની કલમ ૧૨ ના અર્થમાં સરકારના નિયંત્રણ હેઠળ રાજ્ય અથવા કાનૂની કે અન્ય સત્તામંડળોની વ્યાખ્યામાં આવતી હતી.

૧૬૭. સુપ્રીમ કોર્ટના ફકરા ૨૬ થી ૩૩ માં સમાવિષ્ટ અવલોકનો નોંધવા યોગ્ય છે:

"૨૬. કોઈપણ વેપાર અથવા વ્યવસાય ચલાવવાના હેતુઓ માટે કંપનીઝ એક્ટ હેઠળ નોંધાયેલી કંપની એ આજીવિકા મેળવવા અને આવી પ્રવૃત્તિઓમાંથી નફો મેળવવા માટેનું એક ખાનગી સાહસ છે. બેંકિંગ પણ એક પ્રકારનો વ્યવસાય અને વ્યાપારી પ્રવૃત્તિ છે, તેની પાછળનો પ્રાથમિક હેતુ વળતર અને નફો મેળવવાનો કહી શકાય. પ્રાચીન કાળથી, આવી પ્રવૃત્તિઓ સામાન્ય રીતે વ્યક્તિઓ દ્વારા ચલાવવામાં આવે છે. તે કંપનીની ખાનગી બાબત છે જોકે

રાષ્ટ્રીયકૃત બેંકોનો કેસ અલગ સ્તર પર રહે છે. એવી પણ કંપનીઓ હોઈ શકે છે, જેમાં મોટાભાગની શેરમૂડી રાજ્યના ભંડોળમાંથી આપવામાં આવી હોય અને તે બાબતને ધ્યાનમાં રાખીને કંપનીના કારોબારનું સંચાલન કરવામાં રાજ્યની વધુ ભાગીદારી અથવા પ્રભાવશાળી ભાગીદારી હોઈ શકે છે. પરંતુ વર્તમાન કેસમાં અમારે એવી બેંકિંગ કંપની સાથે કામ પાર પાડવાનું છે જે રાજ્ય દ્વારા કોઈપણ યોગદાન અથવા શેરહોલ્ડિંગ વિના પોતાના ભંડોળ એકત્ર કરવા માટે પોતાના સંસાધનો ધરાવે છે. તેની પાસે તેના શેરધારકો દ્વારા ચૂંટાયેલ પોતાનું ડિરેક્ટર મંડળ છે. તે બેંકિંગ વ્યવસાયમાં અન્ય કોઈપણ ખાનગી કંપનીની જેમ કોઈપણ એકાધિકાર દરજ્જો ધરાવ્યા વિના કાર્ય કરે છે. પાંચ લાખની મૂડી સાથે બેંકિંગ વ્યવસાય કરતી કોઈપણ કંપની શેડ્યૂલ્ડ બેંક બની જશે. તેમ છતાં, વિવિધ બેંકો દ્વારા ચલાવવામાં આવતી એકંદર બેંકિંગ પ્રવૃત્તિ સામાન્ય રીતે દેશના અર્થતંત્ર પર કોઈ શંકા વિના અસર અને પ્રભાવ ધરાવે છે. શેરધારકો અને થાપણદારોના નાણાં આવી કંપનીઓ પાસે હોય છે, જેઓ બેંકિંગ પ્રવૃત્તિ ચલાવે છે. બેંકો ચોક્કસ સમયે કોઈપણ આપેલા વ્યાજ દરે ઉધાર લેનારાઓને ધિરાણ આપે છે. તેઓ જામીનગીરીઓ સામે લોન ધીરે છે. તેથી, ખુદ કંપની, શેરધારકો, થાપણદારોના હિતમાં તેમજ રાષ્ટ્રીય અર્થતંત્રની યોગ્ય નાણાકીય સમતુલા જાળવવા માટે આવી પ્રવૃત્તિઓ પર નિયમનકારી નિયંત્રણ રાખવું સ્વાભાવિક રીતે જરૂરી છે. બેંકિંગ કંપનીઓની સ્થાપના રાજ્યના અર્થતંત્રના નિર્માણના હેતુઓ માટે કરવામાં આવી નથી, બીજી બાજુ આવી ખાનગી કંપનીઓ સ્વેચ્છાએ તેમના પોતાના હેતુઓ અને હિત માટે સ્થપાઈ છે પરંતુ તેમની પ્રવૃત્તિઓ નિયંત્રણ હેઠળ રાખવામાં આવે છે જેથી તેમની પ્રવૃત્તિઓ અવળે રસ્તે ન જાય અને સામાન્ય રીતે

અર્થતંત્રને નુકસાન ન પહોંચાડે. ખાનગી બેંકિંગ કંપનીએ તેને પ્રાપ્ત તમામ સ્વતંત્રતા સાથે એવી રીતે કાર્ય કરવું પડે છે કે જેથી તે રાજ્યની નાણાકીય નીતિઓ સાથે સંઘર્ષમાં ન આવે અથવા તેની વિરુદ્ધ ન હોય અને આવા હેતુઓ માટે, રિઝર્વ બેંક દ્વારા માર્ગદર્શિકા પૂરી પાડવામાં આવે છે જેથી તેના વ્યવસાયને ચલાવવામાં યોગ્ય નાણાકીય શિસ્ત જળવાઈ રહે. આવી નાણાકીય શિસ્તનું પાલન સુનિશ્ચિત કરવા માટે, જો જરૂર પડે તો, ક્યારેક કંપનીનું સંચાલન પણ પોતાના હસ્તક લઈ શકાય છે. તેમ છતાં, અગાઉ અવલોકન કર્યા મુજબ, આ તમામ નિયંત્રણ રાખવા અને માર્ગદર્શિકા પૂરી પાડવા માટેના નિયમનકારી પગલાં છે અને કંપનીના કારોબાર પર ભાગીદારીપૂર્ણ પ્રભુત્વ કે નિયંત્રણ નથી. સામાન્ય રીતે અન્ય કંપનીઓ માટે કે જે અન્ય વ્યવસાયિક પ્રવૃત્તિઓ ચલાવે છે, જેમ કે ઉત્પાદન, અન્ય ઉદ્યોગો અથવા કોઈપણ વ્યવસાય, કંપનીઝ એક્ટની જોગવાઈઓ હેઠળ આવા નિયંત્રણો પૂરા પાડવામાં આવે છે, જેમ અગાઉ દર્શાવેલ છે. ત્યાં પણ, મુખ્ય વિચારણા એ છે કે ખુદ કંપની તેના પોતાના ગેરવહીવટને કારણે ડૂબી ન જાય અથવા તે કારણસર શેરધારકો કે સામાન્ય જનતાનું હિત જોખમાય નહીં. ઉપર દર્શાવ્યા મુજબ આવા હિતની કાળજી લેવા ઉપરાંત, ખાનગી કંપનીઓના કારોબાર અને સંચાલનને નિયંત્રિત કરવાનો રાજ્યનો અન્ય કોઈ હિત હોતો નથી. ઈન્ડસ્ટ્રીઝ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ, ૧૯૫૧ હેઠળ આવરી લેવાયેલા ઉદ્યોગોના સંબંધમાં એ કાળજી લેવામાં આવે છે કે તેમનું ઉત્પાદન જે અર્થતંત્ર માટે મહત્વપૂર્ણ છે તે ઘટી ન જાય છતાં વ્યવસાયિક પ્રવૃત્તિ આવી કંપનીઓ અથવા કોર્પોરેશનો દ્વારા ચલાવવામાં આવે છે જે ઉદ્યોગસાહસિકો/કંપનીઓની માત્ર ખાનગી પ્રવૃત્તિ જ રહે છે.

૨૭. આવી ખાનગી કંપનીઓ સામાન્ય રીતે બંધારણની કલમ ૨૨૬ હેઠળના રિટ અધિકારક્ષેત્રને આધીન રહેશે નહીં. પરંતુ અમુક સંજોગોમાં આવી ખાનગી સંસ્થાઓ અથવા વ્યક્તિઓને રિટ જારી થઈ શકે છે કારણ કે એવા કાયદા હોઈ શકે છે જેનું ખાનગી કંપનીઓ સહિત તમામે પાલન કરવું જરૂરી હોય. ઉદાહરણ તરીકે, ઇન્ડસ્ટ્રિયલ ડિસ્પ્યુટ્સ એક્ટ, મિનિમમ વેજીસ એક્ટ, ફેક્ટરીઝ એક્ટ જેવા કેટલાક કાયદાઓ છે અથવા યોગ્ય પર્યાવરણ જાળવવા માટે જેમ કે એર (પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ પોલ્યુશન) એક્ટ, ૧૯૮૧ અથવા વોટર (પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ પોલ્યુશન) એક્ટ, ૧૯૭૪ વગેરે અથવા સમાન પ્રકૃતિના કાયદાઓ છે જે આવી ખાનગી સંસ્થાઓ પર કાયદાકીય રીતે અમુક ફરજો અને જવાબદારીઓ લાદે છે જેનું પાલન કરવા માટે તેઓ બંધાયેલા છે. જો તેઓ આવી વૈધાનિક જોગવાઈનું ઉલ્લંઘન કરે છે તો તે જોગવાઈઓના પાલન માટે ચોક્કસપણે રિટ જારી કરવામાં આવશે. દાખલા તરીકે, જો કોઈ ખાનગી નોકરીદાતા ઇન્ડસ્ટ્રિયલ ડિસ્પ્યુટ્સ એક્ટ હેઠળ સમાવિષ્ટ જોગવાઈઓના ઉલ્લંઘનમાં તેના કર્મચારીની સેવા સમાપ્ત કરે છે, તો અસંખ્ય કેસોમાં વડી અદાલતે હસ્તક્ષેપ કર્યો છે અને તે સંબંધમાં ખાનગી સંસ્થાઓ અને કંપનીઓને રિટ જારી કરી છે. પરંતુ રિટ જારી કરવામાં મુશ્કેલી ત્યાં ઊભી થઈ શકે છે જ્યાં ખાનગી સંસ્થા દ્વારા કોઈપણ વૈધાનિક જોગવાઈનું બિન-પાલન અથવા ઉલ્લંઘન ન થયું હોય. તે સંજોગોમાં રિટ બિલકુલ જારી કરી શકાતી નથી. ઉપલબ્ધ હોય તેવા અન્ય ઉપાયોનો આશરો લેવો પડી શકે છે.

૨૮. અજય હસિયા (ઉપર મુજબ) ના કેસમાં ગણાવેલા અને રામના (ઉપર મુજબ) ના કેસમાં પછીના નિર્ણયોમાં તથા પ્રદીપ કુમાર બિસ્વાસ

(ઉપર મુજબ) ના કેસમાં સાત ન્યાયાધીશોની બેન્ચ દ્વારા મંજૂર કરાયેલા છ પરિબળોને વર્તમાન કેસની હકિકતો પર લાગુ કરી શકાય છે અને જોઈ શકાય છે કે તે કસોટીઓ અપીલકર્તા બેંકને લાગુ પડે છે કે નહીં. અગાઉ દર્શાવ્યા મુજબ, અપીલકર્તા બેંકની શેરમૂડી સરકાર દ્વારા બિલકુલ ધરાવવામાં આવતી નથી કે રાજ્ય દ્વારા કોઈ નાણાકીય સહાય પૂરી પાડવામાં આવતી નથી, કંપનીનો લગભગ સમગ્ર ખર્ચ પૂરો કરી શકે તેવું કંઈ કહેવા જેવું નથી. ત્રીજી કસોટી પણ પૂર્ણ થતી નથી કારણ કે અપીલકર્તા બેંક કોઈ એકાધિકાર દરજ્જો ભોગવતી નથી કે તેને રાજ્યનું રક્ષણ ધરાવતી સંસ્થા કહી શકાય નહીં. જ્યાં સુધી અપીલકર્તા બેંકની બાબતો પરના નિયંત્રણનો સંબંધ છે, તેનું સંચાલન તેના શેરધારકો દ્વારા ચૂંટાયેલા ડિરેક્ટર મંડળ દ્વારા કરવામાં આવે છે. કોઈ સરકારી એજન્સી કે અધિકારી અપીલકર્તા બેંકના કારોબાર સાથે જોડાયેલા નથી કે તે પૈકી કોઈ પણ ડિરેક્ટર મંડળના સભ્ય નથી. ખાનગી બેંકિંગ કંપનીની સામાન્ય કામગીરીમાં રાજ્ય કે તેના સત્તામંડળોની કોઈ ભાગીદારી કે દખલગીરી હોતી નથી. નાણાકીય અને વ્યાપારી પ્રવૃત્તિઓનું નિયમન કરતા કાયદાઓ ઘડવામાં આવ્યા છે જેથી નાણાકીય સમતુલા જાળવી શકાય અને બેંકિંગના વ્યવસાયમાં સામેલ આવી કંપનીઓ અથવા સંસ્થાઓની ખરાબ કામગીરીથી તે ખોરવાઈ ન જાય. દેશમાં સ્વસ્થ આર્થિક વાતાવરણ જાળવવાના હેતુઓ માટે આ નિયમનકારી પગલાં છે. આવા નિયમનકારી પગલાં અન્ય કંપનીઓ તેમજ મહત્વની ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતા ઉદ્યોગો માટે પણ પૂરા પાડવામાં

આવે છે. અન્યથા આ સંપૂર્ણપણે ખાનગી વ્યાપારી પ્રવૃત્તિઓ છે. એ નોંધવું જરૂરી છે કે આવી સુપરવાઈઝરી તકેદારી કાયદા હેઠળ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા રાખવામાં આવે છે કે કેન્દ્ર સરકાર દ્વારા તેનાથી ભાગ્યે જ કોઈ ફરક પડે છે. જો તે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના સ્થાને કેન્દ્ર સરકાર પાસે હોત તો પણ કોઈ ફરક પડ્યો ન હોત, તેથી, ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઇઝ એસોસિએશન (ઉપર મુજબ) ના નિર્ણય પર આધારિત દલીલ સામાવાળાના કેસને આગળ વધારતી નથી. માત્ર કંપનીની ખરાબ કામગીરીના કિસ્સામાં જ થાપણદારો, શેરધારકો અથવા ખુદ કંપનીના હિતનું રક્ષણ કરવા અથવા કંપનીને મુશ્કેલીમાંથી બહાર લાવવામાં મદદ કરવા માટે આવી સત્તાઓનો ઉપયોગ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. સામાન્ય કામગીરીના સમયમાં સામાન્ય રીતે નાણાકીય નીતિઓને અનુરૂપ બાબતો સરળતાથી ચાલે તે જોવાના હેતુથી રૂટિન નિરીક્ષણો વગેરે સિવાય આવા પ્રસંગો ઉપસ્થિત થતા નથી.

૨૯. બેંકિંગનો વ્યવસાય કરતી આવી અનેક કંપનીઓ છે. એવું કંઈ નથી જેને સરકારી કાર્યોની નજીક કહી શકાય. તે એક અથવા બીજા સ્વરૂપમાં વ્યક્તિઓ દ્વારા અથવા તેમના જૂથ દ્વારા ચલાવવામાં આવતો જૂનો વ્યવસાય છે. વ્યવસાયમાં થતું નુકસાન તેમનું છે તેમજ નફો પણ તેમનો છે. કોઈપણ વ્યવસાય અથવા વ્યાપારી પ્રવૃત્તિ, પછી ભલે તે બેંકિંગ હોય, મેન્યુફેક્ચરિંગ યુનિટ હોય અથવા સંસાધનો, રોજગાર, ઉત્પાદન પેદા કરતી અને નાણાંના પરિભ્રમણમાં પરિણમતી અન્ય કોઈપણ પ્રકારના વ્યવસાય સાથે સંબંધિત હોય, તે નિઃશંકપણે એવી છે કે જેની સામાન્ય રીતે દેશના અર્થતંત્ર પર અસર પડે છે. પરંતુ આવી પ્રવૃત્તિઓને જાહેર સ્વરૂપની ફરજો, કાર્યો બજાવવાની શ્રેણીમાં

આવતી પ્રવૃત્તિ તરીકે વર્ગીકૃત કરી શકાતી નથી. આમ આ કેસ અજય હસિયા (ઉપર મુજબ) ના કેસમાં ગણાવેલ કેસોની પાંચમી શ્રેણીમાં આવતો નથી. ફરીથી આપણે જોઈએ છીએ કે અપીલકર્તા દ્વારા ચલાવવામાં આવતી પ્રવૃત્તિ એવી નથી કે જે અગાઉ સરકાર દ્વારા ચલાવવામાં આવતી હોય અને અપીલકર્તા કંપનીને તબદીલ કરવામાં આવી હોય. દલીલ ખાતર જો એવું માની લેવામાં આવે કે અજય હસિયા (ઉપર મુજબ) ના કેસમાં આપ્યા મુજબ એક અથવા બીજી કસોટી આકર્ષિત થઈ શકે છે, તો તે પોતાનામાં એવું ઠેરવવા માટે પૂરતું નથી કે તે રાજ્યની એજન્સી છે અથવા જાહેર સ્વરૂપના કાર્યો કરતી કંપની છે. આ સંદર્ભમાં, પ્રદીપ કુમાર બિસ્વાસ (ઉપર મુજબ) ના કેસમાં અગાઉ ટાંકવામાં આવેલા અવલોકનો પણ સુસંગત રહેશે.

૩૦. હવે આપણે બે નિર્ણયો એટલે કે અંદી મુક્ત (ઉપર મુજબ) અને યુ.પી. સ્ટેટ કો–ઓપરેટિવ લેન્ડ ડેવલપમેન્ટ બેંક લિ. (ઉપર મુજબ) પર વિચાર કરી શકીએ છીએ જેના પર અપીલકર્તા કંપની સામે રિટ થશે તેવું દર્શાવવા માટે સામાવાળાઓ વતી ઘણો આધાર રાખવામાં આવ્યો છે. જ્યાં સુધી યુ.પી. સ્ટેટ કો–ઓપરેટિવ લેન્ડ ડેવલપમેન્ટ બેંક લિ. (ઉપર મુજબ) ના કેસમાં નિર્ણયનો સંબંધ છે, તે સંપૂર્ણપણે અલગ સ્તર પર રહે છે અને અમે તેની અગાઉ વિગતવાર ચર્ચા કરી છે.

૩૧. અન્ય કેસ જેના પર ભારે આધાર રાખવામાં આવ્યો છે તે અંદી મુક્ત (ઉપર મુજબ) છે. તેમાં કોઈ શંકા નથી કે એવું ઠેરવવામાં આવ્યું છે કે જાહેર ફરજ બજાવતી, અસરગ્રસ્ત પક્ષ પ્રત્યે હકારાત્મક જવાબદારી ધરાવતી કોઈપણ વ્યક્તિ અથવા

સત્તામંડળને મેન્ડામસ જારી કરી શકાય છે. રિટ અરજી પોષણક્ષમ હોવાનું ઠેરવવામાં આવ્યું હતું કારણ કે જે શિક્ષકની સેવાઓ સંસ્થા દ્વારા સમાપ્ત કરવામાં આવી હતી તે યુનિવર્સિટી સાથે સંલગ્ન હતી અને ઓર્ડિનન્સ દ્વારા સંચાલિત હતી, જેણે ચોક્કસ જવાબદારીઓ લાદી હતી જે તે અરજદાર પ્રત્યે બંધાયેલી હતી. પરંતુ અહીં એવો કેસ નથી. અપીલકર્તા તરફે ઉપસ્થિત વિદ્વાન વકીલ દ્વારા અમારું ધ્યાન ચુકાદાના (અંદી મુક્ત) ફકરા ૧૨, ૧૩ અને ૨૧ તરફ દોરવામાં આવ્યું છે જે દર્શાવે છે કે આ કેસ અનુસાર પણ ખાનગી સંસ્થા સામે કોઈ રિટ થઈ શકશે નહીં સિવાય કે તેની પાસે એવી કોઈ જવાબદારી પૂર્ણ કરવાની હોય જે વૈધાનિક અથવા જાહેર સ્વરૂપની હોય.

૩૨. માત્ર એટલા માટે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા બેંકિંગ રેગ્યુલેશન એક્ટની કલમ ૫(સી)(એ) હેઠળ જોગવાઈ કર્યા મુજબ થાપણદારોના હિતોને યોગ્ય ધ્યાનમાં રાખીને બેંકિંગ સિસ્ટમના હિતમાં અથવા નાણાકીય સ્થિરતા કે સુદ્રઢ આર્થિક વિકાસના હિતમાં બેંકિંગ નીતિ ઘડે છે, તેનો અર્થ એ નથી કે બેંકિંગનો વ્યવસાય અથવા વ્યાપારી પ્રવૃત્તિ કરતી ખાનગી કંપનીઓ કોઈ જાહેર કાર્ય કે જાહેર ફરજ બજાવે છે. આ તમામ બેંકિંગમાં વ્યાપારી પ્રવૃત્તિ ચલાવનારાઓને લાગુ પડતા નિયમનકારી પગલાં છે અને આ કંપનીઓએ આ જોગવાઈઓ અનુસાર કાર્ય કરવાનું હોય છે, જેમાં નિષ્ફળ જવાથી કાયદામાં જ દર્શાવ્યા મુજબ ચોક્કસ પરિણામો ભોગવવા પડે છે. સરકાર દ્વારા બેંકિંગ કંપનીના સંપાદન અંગેની જોગવાઈ સંદર્ભે, એ દર્શાવી શકાય છે કે જાહેર હિતમાં સરકાર દ્વારા કોઈપણ ખાનગી મિલકત સંપાદિત કરી શકાય છે. હવે તે ન્યાયિક રીતે સ્વીકૃત ધોરણ છે કે ખાનગી હિતે જાહેર હિત

માટે માર્ગ કરી આપવો પડે છે. જો કોઈ ખાનગી મિલકત જાહેર હિતમાં સંપાદિત કરવામાં આવે તો તેનો અર્થ એ નથી કે જે પક્ષની મિલકત સંપાદિત કરવામાં આવી છે તે જાહેર સ્વરૂપનું કોઈ કાર્ય અથવા ફરજ બજાવી રહી છે જોકે તે સંપાદન કરનાર સત્તામંડળ માટે આવું રહેશે.

૩૩. ઉપર હાથ ધરેલી ચર્ચા મુજબ, અમારા મતે, શેડ્યૂલ્ડ બેંક તરીકે બેંકિંગ વ્યવસાય કરતી ખાનગી કંપનીને કોઈ વૈધાનિક અથવા જાહેર ફરજ બજાવતી સંસ્થા કે કંપની કહી શકાય નહીં. ખાનગી સંસ્થા અથવા વ્યક્તિ માત્ર ત્યારે જ રિટ અધિકારક્ષેત્રને આધીન બની શકે છે જ્યાં આવી સંસ્થા અથવા સંગઠનને કોઈપણ વૈધાનિક જવાબદારીઓ અથવા તેના પર હકારાત્મક જવાબદારી લાદતી જાહેર સ્વરૂપની આવી જવાબદારીઓ લાગુ કરવા માટે દબાણ કરવું જરૂરી બને. બેંકિંગની વ્યાપારી પ્રવૃત્તિ કરતી ખાનગી કંપનીના સંબંધમાં આવી શરતો પૂર્ણ થયેલી અમને જણાતી નથી. ખાનગી સંસ્થાઓ દ્વારા હાથ ધરવામાં આવતી આવી પ્રવૃત્તિઓ શિસ્તમાં રહીને કાર્ય કરે તે સુનિશ્ચિત કરવા માટે માત્ર નિયમનકારી જોગવાઈઓ કંપનીને આવો કોઈ દરજ્જો આપતી નથી કે તેના પર એવી કોઈ જવાબદારી લાદતી નથી કે જેને બંધારણની કલમ ૨૨૬ હેઠળ રિટ જારી કરીને લાગુ કરી શકાય. પ્રસ્તુત કેસ અપીલકર્તા બેંક દ્વારા તેના કર્મચારી સામે લેવામાં આવેલી શિસ્તભંગની કાર્યવાહીનો છે. બેંક સાથે સામાવાળાની સેવા સમાપ્ત થઈ ગઈ છે. બેંકના પગલાંને સામાવાળા દ્વારા ભારતના બંધારણની કલમ ૨૨૬ હેઠળ રિટ અરજી દાખલ કરીને પડકારવામાં આવ્યું હતું. સામાવાળા બેંક તરફથી કોઈ વૈધાનિક ફરજ લાગુ કરવાનો પ્રયાસ

કરી રહ્યા નથી. આવી સ્થિતિ હોવાથી, અપીલ મંજૂર થવાને પાત્ર છે.

(ભારપૂર્વક જણાવેલ છે)"

૧૬૮. આમ, જો આપણે ફેડરલ બેંક (ઉપર મુજબ) ના કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાના સિદ્ધાંતને લાગુ કરીએ, તો જ્યાં સુધી નોટિસની કાયદેસરતા અને માન્યતાને પડકારવાનો સંબંધ છે ત્યાં સુધી ખાનગી બેંક સામે અરજદારોના કહેવાથી રિટ અરજી પોષણક્ષમ રહેશે નહીં તેવા નિષ્કર્ષ પર પહોંચવામાં આપણને કોઈ મુશ્કેલી પડતી નથી.

૧૬૯. અમે બિન્ની લિમિટેડ અને અન્ય વિ. વી. સદાશિવન અને અન્ય, (૨૦૦૫) ૬ એસ.સી.સી. ૬૫૭ ના કેસમાં સર્વોચ્ચ અદાલતના વધુ એક ચુકાદાને ટાંકી શકીએ છીએ, જે અમે જે મુદ્દા સાથે કામ કરી રહ્યા છીએ તેના પર નોંધપાત્ર કાયદો દર્શાવે છે.

૧૦. મેન્ડામસની રિટ જાહેર અથવા વૈધાનિક ફરજના પાલનને સુરક્ષિત કરવા માટે લાગુ પડે છે. મેન્ડામસના વિશેષાધિકાર ઉપાયે લાંબા સમયથી જાહેર સત્તામંડળો દ્વારા જાહેર ફરજોના પાલનને લાગુ કરવાનું સામાન્ય સાધન પૂરું પાડ્યું છે. મૂળરૂપે, મેન્ડામસની રિટ સાર્વભૌમ તરફથી ગૌણ અધિકારીઓને માત્ર એક વહીવટી આદેશ હતો. ઇંગ્લેન્ડમાં, શરૂઆતના સમયમાં, જ્યારે કેન્દ્ર સરકાર પાસે પોતાનું બહુ ઓછું વહીવટી તંત્ર હતું ત્યારે તે સામાન્ય રીતે કોર્ટ ઓફ કિંગ્સ બેન્ચ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતી હતી. શરૂઆતના નિર્ણયો દર્શાવે છે કે તમામ પ્રકારની જાહેર ફરજોના અમલ માટે રિટનો મુક્ત ઉપયોગ થતો હતો,

ઉદાહરણ તરીકે નીચલી અદાલતો સામે કે જેમણે તેમના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવાનો ઇનકાર કર્યો હતો અથવા મ્યુનિસિપલ કોર્પોરેશન સામે કે જેણે યોગ્ય રીતે ચૂંટણીઓ, બેઠકો વગેરે યોજી ન હતી. આધુનિક સમયમાં, મેન્ડામસનો ઉપયોગ જાહેર સત્તામંડળોની વૈધાનિક ફરજો લાગુ કરવા માટે થાય છે. જ્યાં ન્યાયના હિતમાં ઉપાય આપવો યોગ્ય ન હોય ત્યાં અદાલતો હંમેશા ઉપાય અટકાવવાની વિવેકબુદ્ધિ જાળવી રાખે છે. એ પણ નોંધવું જરૂરી છે કે જાહેર સત્તામંડળો પર લાદવામાં આવેલી વૈધાનિક ફરજ વિવેકાધીન સ્વરૂપની ન હોઈ શકે. મેન્ડામસ દ્વારા લાગુ કરી શકાય તેવી જાહેર ફરજો કે જે વૈધાનિક છે અને માત્ર કરારમાંથી ઉદ્‌ભવતી ફરજો વચ્ચે હંમેશા તફાવત રાખવામાં આવ્યો છે. કરાર આધારિત ફરજો સામાન્ય કરાર આધારિત ઉપાયો જેવા કે નુકસાની, મનાઈહુકમ, સ્પેસિફિક પરફોર્મન્સ અને ઘોષણા દ્વારા ખાનગી કાયદાની બાબતો તરીકે લાગુ કરી શકાય છે. સર વિલિયમ વેડ અને ક્રિસ્ટોફર ફોર્સિથ (ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ) દ્વારા એડમિનિસ્ટ્રેટિવ લૉ (નવમી આવૃત્તિ) માં પાના ૬૨૧ પર નીચે મુજબનો અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યો છે:

> "જે તફાવત સ્પષ્ટ કરવાની જરૂર છે તે મેન્ડામસ દ્વારા લાગુ કરી શકાય તેવી જાહેર ફરજો, જે સામાન્ય રીતે વૈધાનિક હોય છે, અને માત્ર કરારમાંથી ઉદ્‌ભવતી ફરજો વચ્ચેનો છે. કરાર આધારિત ફરજો સામાન્ય કરાર આધારિત ઉપાયો, જેમ કે નુકસાની, મનાઈહુકમ, સ્પેસિફિક પરફોર્મન્સ અને ઘોષણા દ્વારા ખાનગી કાયદાની બાબતો તરીકે લાગુ કરી શકાય છે. તેઓ મેન્ડામસ દ્વારા લાગુ કરી શકાતા નથી, જે પ્રથમ સ્થાને જાહેર ફરજો પૂરતો મર્યાદિત છે અને બીજું જ્યાં

